*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૪

## 卐 અવસર છે આરાધનાનો.....卐

સિદ્ધપદના અતીન્દ્રિય આનંદની સુવાસ પ્રસરાવતાં આ વર્ષના પ્રારંભમાં ગુરુદેવે આત્માની આરાધનાનો મંત્ર આપતાં એમ કહ્યું હતું કે–આત્માની પ્રભુતામાં બધું સમાઈ જાય છે. આત્માની પ્રભુતાને આરાધવી તે મંગલ–સુપ્રભાત છે. આ જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે જ સત્ય છે, તે જ કલ્યાણરૂપ છે ને તે જ અનુભવ કરવા યોગ્ય છે.

કંઠગતપ્રાણ સુધી એટલે કે જીંદગીના છેલ્લા શ્વાસ સુધી વીતરાગી–શ્રુતના અધ્યયન વડે જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના કર્તવ્ય છે.

આયુ કઈ ક્ષણે પૂરું થશે–એની તને ખબર નથી, માટે હે જીવ! અવિનાશી આતમરામને લક્ષગત કરીને તેના પ્રત્યે ક્ષણે ક્ષણે જાગૃત રહેજે.

બહારની આંખ બંધ કરીને અંદરની આંખ ખોલ ને જ્ઞાન–દીવડા પ્રગટ કરીને તારા ચૈતન્યપ્રભુને દેખ. ચૈતન્યની આરાધનાનો આ અવસર છે. હે વાલીડા! આરાધનાના અવસરને ચુકીશ મા!

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં ૨૪૯૬, આસો (લવાજમ ચાર રૂપિયા) વર્ષ ૨૭ઃ અંક ૧૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# દીવાળીને દિવસે આટલું કરજો-

## ( સંપાદકીય )

( ૧ ) સવારમાં મંગલ દીવડાના ઝગમગાટમાં ઊઠતાવેંત મહાવીર ભગવાનના વીતરાગી ગુણોને યાદ કરજો...ને આપણે તેમના માર્ગે જઈને તેમના જેવા થવાનું છે તેવી ભાવના ભાવજો.

( ૨ ) 'દીવાળી' નો દિવસ આનંદથી શા માટે ઉજવાય છે તેનો સાચો ઇતિહાસ જાણજો. એ દિવસે આપણા મહાવીર તીર્થંકર આ સંસારથી છૂટીને મોક્ષપદ પામ્યા હતા-સિદ્ધપદ પામ્યા હતા, ને પાવાપુરીમાં ભગવાનના મોક્ષનો મહાન ઉત્સવ દેવોએ તેમજ રાજાઓએ અને લાખો લોકોએ લાખો દીપકોના ઝગમગાટ વચ્ચે ઉજવ્યો હતો.-આજે પણ આપણે એ ઉત્સવ દ્વારા મહાવીર ભગવાનના મોક્ષગમનને યાદ કરીને તેની ભાવના ભાવીએ છીએ.

( ૩ ) સવારમાં પહેલવહેલા તો આનંદ ઉલ્લાસ પૂર્વક ઘરમાં સૌ ભેગા મળીને ભગવાનની સ્તુતિ કરજો...ભગવાનનું ઉત્તમ જીવન યાદ કરજો. પછી જિનમંદિરે જઈ પ્રભુનાં દર્શન-પૂજન કરજો ને ત્યાંના ઉત્સવમાં હોંશથી ભાગ લેજો. દીવડા વગેરે ઉત્તમ શોભાવડે પ્રસિદ્ધ કરજો કે આજે અમારા ભગવાનના મોક્ષનો દિવસ છે.

આજનો દિવસ એ સંસારના આનંદ-પ્રમોદનો દિવસ નથી, પણ મોક્ષની ભાવનાનો દિવસ છે, એટલે નાટક-સિનેમા વગેરે પાપકાર્યોને આજે તો યાદ પણ ન કરતા, દારૂખાનું ફોડવું-એ પણ કાંઈ દીવાળી ઉજવવાની સાચી રીત નથી. આજે તો સિદ્ધપદને યાદ કરીને ઠેઠ મોક્ષ સુધીની ઊંચી ઊંચી ભાવનાઓ ભાવજો, ધર્મની વૃદ્ધિના ઊંચા ઊંચા સંકલ્પ કરજો...અને જૈનધર્મની પ્રભાવના માટે, મહાન દેવ-ગુરુ-ધર્મની સેવા માટે જે કાંઈ થઈ શકે તે તન-મન-ધનથી કરજો, કોઈ ઉત્તમ નવીન શાસ્ત્રની સ્વાધ્યાયનો મંગલ પ્રારંભ કરજો, સૌ સાધર્મીજનોને પ્રેમથી આદર-સન્માનપૂર્વક આનંદથી હળજોમળજો,-ને એવી ઉત્તમ ધર્મચર્ચા કરજો કે જેના સંસ્કારના બળે આખાય વર્ષમાં ઉત્તમ ભાવોની કમાણી થયા કરે...જ્ઞાનના મંગલ દીવડા પ્રગટે.

**"અમે તો જિનવરના સંતાન........**

**જિનવરપંથે વિચરશું"**

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૬
આસો
1970 Oct.

* વર્ષ ૨૭ : અંક ૧૨ *

# મહાવીર પ્રભુના માર્ગે

દીવાળી એટલે મહાવીર ભગવાનની મુક્તિનો મંગલ મહોત્સવ!

* તે મહાવીર ભગવાને શું કર્યું?

તેઓ પહેલાં રાગ–દ્વેષ–અજ્ઞાન સહિત હતા, પછી આત્માના સર્વજ્ઞસ્વભાવનું ભાન કરી, વીતરાગ ભાવ પ્રગટ કરીને સર્વજ્ઞ થયા.....અને મુક્તિ પામ્યા.

* મહાવીર ભગવાને શું કહ્યું?

પોતે જે કર્યું તે કહ્યું, આત્માનો સર્વજ્ઞસ્વભાવ રાગાદિથી રહિત છે તેને ઓળખવાનું, અને તેમાં એકાગ્રતા વડે વીતરાગ ભાવ પ્રગટ કરીને સર્વજ્ઞ થવાનું ભગવાને કહ્યું છે.

* તે મહાવીર દેવને ક્યારે ઓળખ્યા કહેવાય?

મહાવીર ભગવાને આત્માનો જેવો સર્વજ્ઞસ્વભાવ બતાવ્યો છે તેવો જાણીને પોતે જાતે અનુભવ કરે, અને રાગથી જુદો પડે ત્યારે તે અનુભવરૂપ ચેતના વડે મહાવીરદેવની સાચી ઓળખાણ થાય છે. ને આ રીતે મહાવીર દેવને ઓળખીને તેમના માર્ગે ચાલનાર પોતે અલ્પકાળમાં મહાવીર ભગવાન જેવો થઈને મોક્ષ પામે છે. માટે હે જીવ! તારે મહાવીર થવું હોય તો તું મહાવીરના આવા વીતરાગમાર્ગને ઓળખ!

卐 जय महावीर 卐

# આજે પણ આત્મધ્યાન થઈ શકે છે
# ધ્યાન નથી તો ધર્મ નથી

卐

## ( અષ્ટપ્રાભૃત–મોક્ષપ્રાભૃતનાં પ્રવચનોમાંથી )

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આત્માના ધ્યાન વડે જ પ્રગટે છે, ધ્યાન વગર ધર્મ હોતો નથી કે મોક્ષમાર્ગ થતો નથી.

પ્રશ્નઃ– આ કાળે આત્માનું ધ્યાન હોય ?

> –હા, આ કાળે પણ આત્માનું ધ્યાન થાય છે. આત્માના ધ્યાનમાં જ સમ્યક્દર્શન પ્રગટે છે. આત્માના ધ્યાનની ના પાડવી તે સમ્યગ્દર્શનની જ ના પાડવા જેવું છે. આત્માના ધ્યાનને જેઓ નથી સ્વીકારતા તેઓ સમ્યગ્દર્શનરહિત છે, મિથ્યાદ્રષ્ટિ છે; આત્માની શુદ્ધિ પ્રગટ કરવાની લાયકાત તેનામાં નથી.

તે મિથ્યાદ્રષ્ટિજીવ સંસારસુખમાં જ લીન વર્તે છે, એટલે કે રાગમાં જ લીન વર્તે છે, તેથી રાગ વગરના આત્માના અતીન્દ્રિય સુખની કે ધ્યાનની તેને ખબર નથી. રાગમાં જ લીન થઈને શુભરાગને જ ધર્મ માની બેઠા છે. તેમને રાગ વગરના શુદ્ધોપયોગરૂપ ધ્યાન ક્યાંથી દેખાય ? અરે ભાઈ ! તારો આત્મા અત્યારે છે કે નહીં ? આત્મા છે તો તેનું ધ્યાન પણ થઈ શકે છે.

અરે જીવ ! આત્માનું ધ્યાન નથી તો તું સમ્યગ્દર્શન કઈ રીતે પ્રગટ કરીશ ? ને સમ્યગ્દર્શન વગર વ્રત–તપ–સાધુપણું તું ક્યાંથી લાવીશ ? આ કાળે મુનિપણું તો છે ને આત્માનું ધ્યાન નથી–એ કેવી વાત ? આત્માનું ધ્યાન નથી તો મુનિપણું ક્યાંથી આવ્યું ? એકલા શુભરાગથી સમ્યગ્દર્શન કે સાધુપણું કદી થતું નથી.

ધ્યાન નથી–એમ કહેનારને સમ્યગ્દર્શન જ નથી; એટલે જેમ અભવ્યને કદી શુદ્ધતા પ્રગટતી નથી તેમ તેને પણ આત્માના ધ્યાન વગર કદી શુદ્ધતા પ્રગટતી નથી. ત્રણેકાળે શુદ્ધઆત્માના નિર્વિકલ્પ ધ્યાન વડે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે; તેના વગર મોક્ષમાર્ગનો અંશ પણ હોતો નથી. પંચમકાળનું બહાનું કાઢીને મૂઢજીવ

આત્માની રુચિ છોડે છે ને વિષયોમાં લીન વર્તે છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! આ ભરતક્ષેત્રમાં અત્યારે પણ આત્માનો પ્રેમ કરીને તેનું ધર્મધ્યાન થાય છે ને તેનું અતીન્દ્રિયસુખ પ્રગટે છે. ઇન્દ્રિયસુખોની રુચિ છોડીને આત્માની રુચિ કર ને તેની સન્મુખ થઈને તેને ધ્યાવ. શ્રાવકને પણ આત્માના ધ્યાનનો ઉપદેશ કર્યો છે કે હે શ્રાવક! શુદ્ધાત્માનું સત્યક્ત્વ પ્રગટ કરીને તેને ધ્યાનમાં ધ્યાવો.

શુભરાગની ક્રિયાને ધર્મ મનાવે છે ને આત્માના ધ્યાનનો નિષેધ કરે છે,–તે જીવને તો રાગમાં જ અટકવાનું રહ્યું, રાગરહિત શુદ્ધઆત્માની રુચિ જ તેણે તો છોડી દીધી. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! રાગથી પાર એવા શુદ્ધઆત્માનું નિર્વિકલ્પ ધ્યાન અને આનંદનો અનુભવ અત્યારે થઈ શકે છે,–તેની તું ના ન પાડ! પણ હોંશથી સ્વીકાર કરીને અંતર્મુખ વળવાનો પ્રયત્ન કર. આવા આત્માની વાત તને આ કાળે સાંભળવા મળી, અને તું તેમાં અંતર્મુખ ન થઈ શકાય એમ કહીને તેનો નિષેધ કરીશ તો તને આત્માની શુદ્ધતા કે આનંદ નહીં પ્રગટે. ને મોક્ષમાર્ગનો આવો અવસર તું ચુકી જઈશ.–માટે આત્માની રુચિ કરીને, અને રાગાદિ વિષયોની રુચિ છોડીને તું આત્માના ધર્મધ્યાનનો પ્રયત્ન કર. ધર્મધ્યાન વગર જીવની સાચી શ્રદ્ધા થતી નથી, કેમકે ધ્યાન વડે અંતરમાં જીવના અનુભવ વગર તેની સાચી શ્રદ્ધા થાય નહીં. રાગમાં ઊભો રહીને આત્માની શ્રદ્ધા થઈ શકતી નથી એટલે કે ધર્મ થઈ શકતો નથી. ભાઈ, આ કાળે તારે ધર્મ કરવો છે કે નહીં?–તો ધર્મ આત્માના ધ્યાન વડે જ થાય છે, ને આત્માનું ધર્મધ્યાન આ કાળે પણ થઈ શકે છે. પ્રવચનસારમાં છેલ્લે કહે છે કે હે જીવો! અતીન્દ્રિયજ્ઞાનરૂપ ને અતીન્દ્રિયસુખરૂપ આત્મા અમે જોરશોરથી બતાવ્યો, હવે આવા આત્માનો તમે આજે જ અનુભવ કરો, અત્યારે ધ્યાન વડે એવો અનુભવ થઈ શકે છે, માટે તમે આજે જ તેનો અનુભવ કરો......ધ્યાનમાં તેને ધ્યાવો.

અરે, પંચમકાળમાં આત્માનું ધ્યાન ન થતું હોય તો આ બધો શુદ્ધાત્માનો ઉપદેશ કોને આપ્યો? જ્ઞાન–આનંદમય, ઇન્દ્રિયાતીત મહાન પદાર્થ આત્મા છે–એમ જાણીને જ્ઞાની પોતાના અંતરમાં તેનું ધ્યાન કરે છે. નિશ્ચય શુદ્ધાત્માના આશ્રયે સાચું ધર્મધ્યાન અત્યારે પણ થાય છે. સાક્ષાત્ કેવળજ્ઞાન અને મોક્ષ થાય એવું ઊંચું ધ્યાન (શુક્લધ્યાન) અત્યારે અહીં નથી, પણ જેનાથી શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે એવું નિશ્ચય ધર્મધ્યાન તો અત્યારે પણ થાય છે. આવા ધ્યાન વડે મોક્ષમાર્ગના આરાધક થઈને જીવો એકાવતારી થઈ શકે છે. અહીંથી સ્વર્ગમાં જાય ને પછી

મનુષ્ય થઈ, ચારિત્રદશામાં શુક્લધ્યાન પ્રગટ કરીને મોક્ષ પામે છે. અત્યારે ધર્મધ્યાનનો પણ જે નિષેધ કરે છે તે મોક્ષમાર્ગનો જ નિષેધ કરે છે અને આત્માની શુદ્ધીનો જ નિષેધ કરે છે. ભાઈ! તારા આત્મામાં ઉપયોગને જોડ! જેમ પરવિષયોને ધ્યેય બનાવીને તેમાં ઉપયોગને એકાગ્ર કરે છે તેમ તારા આત્માને અંતરમાં ધ્યેય બનાવી સ્વવિષયમાં ઉપયોગને એકાગ્ર કર, એટલે તને ધર્મધ્યાન થશે. આવા ધર્મધ્યાનથી જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધતા પ્રગટે છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. હે ભાઈ! આવા મોક્ષમાર્ગને અત્યારે શરૂ કરીશ તો એકાદ ભવમાં પૂરું થઈ જશે. પણ અત્યારે તેનો નિષેધ કરીશ ને વિષયોમાં જ પ્રવર્તીશ તો તને મોક્ષમાર્ગ ક્યાંથી થશે? ચોથાકાળમાં પણ કાંઈ આત્મામાં ઉપયોગની એકાગ્રતા વગર મોક્ષમાર્ગ થતો ન હતો, ત્યારે પણ આત્મામાં ઉપયોગની એકાગ્રતારૂપ ધર્મધ્યાન વડે જ મોક્ષમાર્ગ થતો હતો; ને અત્યારે પણ એવા ધર્મધ્યાન વડે મોક્ષમાર્ગ થાય છે. કુંદકુંદાચાર્યદેવ–અમૃતચંદ્રાચાર્યદેવ વગેરે કહે છે કે આવો મોક્ષમાર્ગ અમે અમારા આત્મામાં અંગીકાર કર્યો છે, ને તમે પણ તેને અંગીકાર કરો.....આજે જ અંગીકાર કરો.

**卐 પંચમકાળના નિર્વિકલ્પ-આનંદમય ધર્મધ્યાની સન્તોને નમસ્કાર હો. 卐**

---

# અનાજ સાથેનું ઘાસ!

# મુમુક્ષુની ભૂમિકામાં શુભભાવ

મુમુક્ષુ–જીવનમાં કેટલી સજ્જનતા હોય, કેટલી નૈતિકતા હોય, પરસ્પર કેટલો પ્રેમ હોય? તે સંબંધી શ્રાવણ માસના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કેઃ–મુમુક્ષુ એટલે જેને મોક્ષની જિજ્ઞાસા હોય, એવા મોક્ષના અભિલાષીને લૌકિક નીતિ–સજ્જનતા વગેરે હોય, એ તો સાધારણ છે. જેને સર્વે પરભાવ વગરના આત્માને સાધવો છે તેને, તીવ્ર અભક્ષ–ચોરી–અન્યાય વગેરે સ્થૂળ પાપભાવો તો હોય જ કેમ? જેમાં વિકલ્પનો એક અંશ પણ પાલવતો નથી એવા આત્માના સાધકને તીવ્ર પાપભાવો સ્વપ્નેય હોય નહીં. મોક્ષની સાધનામાં વચ્ચે આવા શુભભાવ તો સહજ છે,–એ તો અનાજ સાથે ઊગેલા ઘાસ જેવા છે. ધર્મીની દૃષ્ટિ ને ધર્મીનો પ્રેમ આત્માનો આનંદ સાધવામાં તત્પર છે, વચ્ચેના ઘાસ જેવા શુભરાગનોય પ્રેમ તેને નથી, તો પછી અશુભની તો શી વાત!! આ તો વીતરાગભાવનો અલૌકિક માર્ગ છે.

# ભગવાન પારસનાથ

## [ ૩ ]

* * * * *

તેવીસમાં તીર્થંકર શ્રી પારસનાથ ભગવાનનું જીવનચારિત્ર આપણે વાંચી રહ્યા છીએ. તીર્થંકરો વગેરે મહાપુરુષોના જીવનમાંથી, આત્માની આરાધના કેમ કરવી તે જ આપણે શીખવાનું છે. પાપના ફળમાં નરકાદિનાં ભયંકર દુઃખ મળે છે માટે તે છોડવા, પુણ્યના ફળમાં સ્વર્ગાદિ મળે છે એમ જાણવું; ને આત્માના જ્ઞાનસહિત વીતરાગભાવથી મોક્ષસુખ મળે છે–માટે તેની ઉપાસના કરવી.



પારસનાથનો જીવ–કે જે મરૂભૂતિના ભવમાંથી મરીને હાથી થયો હતો, ને પોતાના પૂર્વભવના સંબંધી એવા અરવિંદ મુનિરાજને દેખીને જેને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું, તે મુનિરાજના ઉપદેશથી સમ્યગ્દર્શન પામીને મહા આનંદિત થાય છે, અને મુનિરાજ પ્રત્યે પરમ ભક્તિથી નમસ્કાર કરે છે. તેની વિગતવાર કથા ગતાંકમાં વાંચી, હવે આગળ વાંચો.

### ❀ [ ૩ ] હાથી બારમા સ્વર્ગમાં.........સર્પ પાંચમી નરકમાં

આપણા ચરિત્રનાયકનો જીવ પહેલાં મરૂભૂતિ હતો, પછી હાથી થયો ને મુનિરાજના ઉપદેશ વડે આત્મજ્ઞાન પામ્યો, પછી તેને સર્પ કરડતાં તે સમાધિમરણ કરીને બારમા સ્વર્ગમાં દેવ થયો છે–તેનું નામ શશિપ્રભદેવ. તે સ્વર્ગની દિવ્ય વિભૂતિ દેખીને આશ્ચર્ય પામ્યો અને અવધિજ્ઞાનથી જાણ્યું કે મેં પૂર્વે હાથીના ભવમાં ધર્મની આરાધના સહિત જે વ્રત પાળ્યાં તેનું આ ફળ છે, આમ જાણીને તેને ધર્મ પ્રત્યે વિશેષ બહુમાન થયું, પૂર્વ ભવમાં આત્મજ્ઞાન દેનાર મુનિરાજનો ઉપકાર ફરી ફરીને યાદ કર્યો; અને પછી સ્વર્ગમાં બિરાજમાન શાશ્વત જિનબિંબની પૂજા કરી. દેવલોકની એ રત્નમય શાશ્વત વીતરાગ મૂર્તિને દેખતાં જ તે અતિશય આનંદ પામ્યો, ને આવો જ મારો આત્મા છે–એમ ભાવના કરી. તે અસંખ્યાત વર્ષો સુધી દેવલોકમાં રહ્યો; તે દરમિયાન અનેકવાર પંચમેરુ તથા નંદીશ્વર દ્વીપના શાશ્વતા જિનમંદિરોની પૂજા કરી, સ્વર્ગમાં બીજા કેટલાય સમ્યગ્દૃષ્ટિ દેવો હતા, તેમની સાથે ધર્મની ચર્ચા વડે તે પોતાના શ્રદ્ધા–જ્ઞાનને પુષ્ટ કરતો હતો. માણસની જેમ તેને દરરોજ ભૂખ ન લાગે, સોળહજાર વર્ષ વીત્યા ત્યારે તેને ખાવાની ઈચ્છા થઈ, અને મનમાં અમૃતનું ચિંતન કર્યું ત્યાં તો ભૂખ મટી ગઈ. આઠ મહિને એકવાર તે શ્વાસ લેતો હતો. તેને ચોથી નરક સુધીનું અવધિજ્ઞાન હતું અને ત્યાંસુધી તે વિક્રિયા કરી શકતો હતો. એનું રૂપ દિવ્ય હતું ને દેવ–દેવીનો ઠાઠમાઠ વૈભવ અપાર હતો. અસંખ્ય વર્ષ સુધી આવા દેવલોકના વૈભવ વચ્ચે રહેવા છતાં તે જીવ આત્મજ્ઞાનને ભૂલ્યો ન હતો. બાહ્ય વૈભવથી ભિન્ન પોતાના ચૈતન્યવૈભવને તે જાણતો હતો. તેને બહારમાં અનેક પ્રકારનાં કલ્પવૃક્ષ પાસેથી સુખસામગ્રી મળતી હતી, ને અંદરમાં પોતાના ચૈતન્ય–કલ્પવૃક્ષના સેવનથી તે સાચું સુખ અનુભવતો હતો. જુઓ તો ખરા, જૈનધર્મના પ્રતાપે એક પશુ પણ દેવ થયો, ને થોડા વખતમાં તો તે ભગવાન થશે ! અહા, જેના પ્રતાપે પશુ પણ પરમાત્મા બની જાય છે–એવા જૈનધર્મનો જય હો. આપણે પણ સંસારથી છૂટીને પરમાત્મા બનવા માટે જૈનધર્મમાં કહેલા આત્માનું સ્વરૂપ ઓળખવું જોઈએ.

શશિપ્રભદેવ અસંખ્યવર્ષ સુધી દેવલોકમાં રહ્યો, પછી તેને ખબર પડી કે દેવલોકના આયુષ્યમાં મારે હવે છ માસ જ બાકી છે;–ત્યારે તે ગભરાયો નહીં પણ તેણે ધર્મના ચિંતનમાં પોતાનું ચિત્ત લગાવ્યું; દેહથી આત્મા ભિન્ન છે–એમ તો તે જાણતો જ હતો, ને સ્વર્ગના ઠાઠ–માઠમાં તેણે કદી સુખ માન્યું ન હતું, એટલે સ્વર્ગ છોડીને

મનુષ્યલોકમાં આવતાં તેને દુઃખ ન થયું, પણ એની ભાવના જાગી કે મનુષ્યપર્યાય ધન્ય છે, મનુષ્યપર્યાયમાં મુનિ થઈને ચારિત્ર અંગીકાર કરીશું, મુનિદશા મહા આનંદદાયક છે.–આમ મુનિદશાની ભાવના ભાવતાં ભાવતાં, જિનેન્દ્ર ભગવાનના શરણપૂર્વક તે જીવ સ્વર્ગમાંથી ચવીને મનુષ્યલોકમાં અવતર્યો–ક્યાં અવતર્યો? તે હવે ના પ્રકરણમાં આપ વાંચશો. ત્યારપહેલા કમઠનો જીવ ક્યાં છે તે જોઈ લઈએ.

કમઠનો જીવ જે સર્પ થયો હતો તે મરીને પાંચમી નરકમાં ગયો ને અસંખ્ય વર્ષ સુધી બહુ જ દુઃખી થયો. એની ભૂખ–તરસનો કોઈ પાર ન હતો, એના શરીરનાં રોજ હજારો કટકા થઈ જતા; લોઢાનો ગોળો પણ ઓગળી જાય એવી તો ઠંડી હતી, કરવત અને ભાલાથી તેનું શરીર કપાતું હતું; આત્માનું જ્ઞાન તો તેને હતું નહીં, ને સારા ભાવ પણ ન હતા, અજ્ઞાનથી અને ભૂંડા ભાવોથી તે બહુ જ દુઃખી થયો હતો. પૂર્વભવના તેના ભાઈ પ્રત્યેના ક્રોધના સંસ્કાર હજી પણ તેણે છોડયા ન હતા, તે ક્રોધમાં ને ક્રોધમાં નરકમાંથી નીકળીને એક મોટો ભયંકર અજગર થયો.

## [ ૪ ] અગ્નિવેગ-મુનિ અને અજગર

આપણા કથાનાયક ભગવાન પારસનાથનો જીવ સ્વર્ગમાંથી ચવીને જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં અવતર્યો. આ જંબુદ્વીપની વચ્ચે મોટો મેરુપર્વત છે, તેની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુ વિદેહક્ષેત્ર છે. પૂર્વ તરફના વિદેહમાં સીમંધર અને યુગમંધર નામના તીર્થંકર સદાય બિરાજે છે ને દિવ્યધ્વનિમાં આત્માનું સ્વરૂપ સમજાવે છે. હજારો કેવળી–અરિહંત ભગવંતો અને લાખો જિનમુનિઓ એ દેશમાં વિચરે છે. ત્યાં કરોડો મનુષ્યો આત્માને ઓળખે છે ને ધર્મને સાધે છે. એ દેશની શોભા અદ્‌ભુત છે. દેવો પણ ત્યાં ભગવાનના દર્શન કરવા આવે છે. ત્યાં સાચા જૈનધર્મ સિવાય બીજા કોઈ ખોટા ધર્મો ચાલતા નથી. ત્યાં ઠેરઠેર અરિહંત ભગવાનના મંદિરો છે, તેમાં મણિ–રત્નોની અદ્‌ભૂત મૂર્તિઓ છે. બીજા મતના મંદિર ત્યાં હોતાં નથી. ત્યાં દિગંબર જૈન સાધુઓ જ વિચરે છે. બીજા કુલિંગી સાધુઓ ત્યાં હોતા નથી.

આવા સુંદર વિદેહક્ષેત્રના પુષ્કલાવતી દેશમાં વચ્ચે વિજયાર્ધ પર્વત છે. ચક્રવર્તી જ્યારે છ ખંડ જીતવા નીકળે છે અને વિજયનો અર્ધો ભાગ પૂરો થાય છે ત્યારે આ 'વિજય–અર્ધ' પર્વત આવે છે. આ વિજયાર્ધ પર્વત ઉપર અત્યંત મનોહર શાશ્વત જિનમંદિર છે; તેના ઉપર બંને દિશામાં મોટા મોટા નગરની હારમાળા છે, ત્યાં વિદ્યાધર–

મનુષ્યો રહે છે, તે વિદ્યાધરો જૈનધર્મના ભક્ત છે.

તે વિદ્યાધરોના એક નગરમાં વિદ્યુતગતિ નામનો રાજા અને વિદ્યુતમાળા નામની રાણી હતી; તે રાજારાણીને ત્યાં પારસનાથનો જીવ અવતર્યો,–તેનું નામ અગ્નિવેગ.

વિદેહક્ષેત્રમાં અવતરેલો અગ્નિવેગ નાનપણથી આત્માને જાણતો હતો. પૂર્વ ભવમાંથી જ તે આત્મજ્ઞાનને સાથે લાવ્યો હતો. એ નાનકડા જ્ઞાનીની બાલચેષ્ટા દેખીને સૌને ઘણો આનંદ થતો હતો. રાજકુમાર અગ્નિવેગ શાંત, અને ઉત્તમ લક્ષણવાળો હતો; પોતાના મિત્રો સાથે ધર્મની ઉત્તમ ચર્ચા કરતો હતો, પંચપરમેષ્ઠી ભગવંતોના ગુણગાન કરતો હતો, જિનમંદિરમાં મોટા મોટા ઉત્સવ કરાવતો હતો, તેમજ વારંવાર તીર્થંકર ભગવાનની સભામાં જઈને ધર્મોપદેશ સાંભળતો હતો ને મુનિવરોની સેવા કરતો હતો.

એકવાર તે વનમાં ગયો હતો; ત્યાં વનની શોભા નીહાળતાં–નીહાળતાં અચાનક તેણે એક સાધુ દેખ્યા. તે સાધુ આત્માના ચિંતનમાં એકાગ્ર હતા, જાણે કે ભગવાન બેઠા હોય–એવો તેમનો દેખાવ હતો. તેમને દેખતાં જ અગ્નિવેગને ઘણો આનંદ થયો; નજીક જઈ તેમને વંદન કરીને તેમની પાસે બેઠો, અને આત્માના વિચાર કરવા લાગ્યો કે અહો! આવી સાધુદશા ધન્ય છે...... આત્મામાં એકાગ્ર થઈને ઘણા આનંદનો અનુભવ થાય–એવી આ દશા છે. થોડીવારમાં મુનિરાજનું ધ્યાન પૂરું થતાં ફરી નમસ્કાર કર્યા, ને મુનિરાજે તેને ધર્મના આશીષ આપ્યા, અને કહ્યુંઃ હે ભવ્ય! આત્માના સમ્યક્ સ્વભાવને તો તેં જાણ્યો છે, હવે તે સ્વભાવને વિશેષપણે સાધવા માટે તું સાધુદશાનું ચારિત્ર અંગીકાર કર. હવે તારો સંસાર ઘણો જ થોડો બાકી છે, મનુષ્યના ત્રણ ભવ કરીને તું મોક્ષ પામીશ. પહેલાં તું ચક્રવર્તી થઈશ ને ત્યારપછી તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

અહા! પોતાના મોક્ષની વાત સાંભળતાં કોને આનંદ ન થાય? મુનિરાજ પાસેથી પોતાના મોક્ષની વાત સાંભળીને અગ્નિવેગને પણ ઘણો આનંદ થયો. સંસાર પ્રત્યે તેને ઘણો વૈરાગ્ય જાગ્યો કે અરે, મારે તો અલ્પકાળમાં મોક્ષ સાધવો છે, મારે આ રાજપાટમાં બેસી રહેવું ન પાલવે. હું તો આજે જ મુનિ થઈને આત્માની સાધનામાં એકાગ્ર થઈશ.

આ પ્રમાણે યુવાન વયમાં તે રાજકુમાર વૈરાગ્ય પામ્યા, ને મુનિરાજ પાસે દીક્ષા લઈને સાધુદશા ધારણ કરી. રાજપાટ છોડયા, સ્ત્રી–પુત્ર છોડયા, અને વસ્ત્ર પણ છોડયા;

–સર્વ પરિગ્રહ છોડી દીધો, અને કષાયોને પણ છોડીને અંતરના એકત્વસ્વરૂપને ધ્યાવવા લાગ્યાઃ મારો આત્મા સર્વ પરભાવોથી જુદો છે, હું એકલો છું, જ્ઞાન ને સુખથી પરિપૂર્ણ છું. આમ નિજાત્માને ધ્યાવવા લાગ્યા. અગ્નિવેગ–મુનિરાજ તો આ પ્રમાણે આત્માના જ્ઞાન–ધ્યાનપૂર્વક વન–જંગલમાં વિચરી રહ્યા છે ને મોક્ષને સાધી રહ્યા છે.–એવામાં એક બનાવ બન્યો.

પૂર્વભવનો કમઠ કે જે નરકમાં ગયો હતો ને ત્યાંથી નીકળીને મોટો અજગર થયો હતો, તે અજગર પણ આ વિદેહક્ષેત્રમાં, ને આ વનમાં જ રહેતો હતો, શિકારની શોધમાં તે જ્યાં–ત્યાં ભટકી રહ્યો હતો. મોટો અજગર મોઢું ફાડે ત્યાં તો જાણે ભોંયરું હોય–એવું દેખાય. જંગલના કેટલાય પશુઓને તે આખેઆખા મોઢામાં ગળી જતો હતો. ફૂંફાડા મારતો તે અજગર અહીં આવી પહોંચ્યો, અગ્નિવેગ–મુનિરાજને દેખીને તેમના તરફ દોડયો......અરેરે, ક્ષમાધારી મુનિરાજને દેખીને પણ અજગરનો ક્રોધ દૂર ન થયો; શાંતરસમાં ઝૂલતા મુનિરાજને દેખીને પણ એ અજગરનું ઝેર ન ઊતર્યું...તે તો ક્રોધપૂર્વક મોઢું ફાડીને આખેઆખા મુનિરાજને પેટમાં ઊતારી ગયો. અજગરના પેટમાં પણ મુનિરાજે આત્માના ધ્યાનપૂર્વક સમાધિમરણ કર્યું, ને તે સોળમા સ્વર્ગમાં ગયા. જુઓ તો ખરા, એની ક્ષમા! અજગર ખાઈ ગયો તોપણ તેના ઉપર ક્રોધ ન કર્યો, પોતે પોતાના આત્માની સાધનામાં જ રહ્યા. ક્રોધમાં તો દુઃખ છે, આત્માની સાધનામાં જ પરમ શાંતિ છે. આવા શાંત ભાવથી તેમણે સમાધિમરણ કર્યું.

### [ ૫ ] સોળમા સ્વર્ગનો દેવ અને છઠ્ઠી નરકનો નારકી

મુનિરાજ તો શાંતભાવથી સમાધિમરણ કરીને સોળમાં સ્વર્ગમાં ગયા, અને અજગર ક્રોધભાવને લીધે પાછો છઠ્ઠી નરકમાં જઈને પડયો ને મહાદુઃખી થયો. બંનેનું આયુષ્ય ૨૨ સાગરનું હતું. એક વખતના બે સગા ભાઈ, તેમાંથી એક તો ૨૨ સાગર સુધી સ્વર્ગનાં સુખ ભોગવીને, અને બીજો ૨૨ સાગર સુધી નરકનાં દુઃખ વેઠીને, ત્યાંથી બંને જીવો મનુષ્યલોકમાં આવ્યા,–તેમાંથી એક તો ચક્રવર્તી થયો, ને બીજો શિકારી ભીલ થયો. તેની કથા હવેના પ્રકરણમાં આપ વાંચશો.

### [ ૬ ] વજ્રનાભિ-ચક્રવર્તી અને શિકારી ભીલ

તેવીસમાં તીર્થંકર પારસનાથ ભગવાનના પૂર્વભવોનું વર્ણન આપણે વાંચી રહ્યા છીએ. મરુભૂતિ–મંત્રીના ભવમાં તેના ભાઈ કમઠે તેને મારી નાંખ્યો, ત્યાંથી તે હાથી થયો

ને આનંદસહિત સમ્યગ્દર્શન પામ્યો, પછી સર્પદંશથી મરીને સ્વર્ગમાં ગયો, પછી પૂર્વવિદેહમાં અગ્નિવેગ–રાજકુમાર થયો, મુનિ થયો અને અજગર તેને ખાઈ ગયો; અને ત્યાંથી સોળમા સ્વર્ગમાં ગયો, ને હવે પશ્ચિમ–વિદેહક્ષેત્રમાં જન્મીને ચક્રવર્તી થાય છે તેનું આ વર્ણન છે.

જેમાં આપણે રહીએ છીએ તેનું નામ જંબુદ્વિપ છે; આ જંબુદ્વિપમાં વચ્ચે મેરુપર્વત છે, તેની પશ્ચિમદિશાના વિદેહક્ષેત્રમાં બાહુ અને સુબાહુ નામના તીર્થંકર ભગવંતો કાયમ બિરાજે છે; હજારો કેવળી ભગવંતો અને લાખો મુનિવરો ત્યાં સદાય વિચરે છે. ધન્ય છે તે દેશને–કે જ્યાં ધર્મી જીવોનાં ટોળેટોળાં વસે છે, ને જૈનધર્મનો જયજયકાર વર્તે છે.

તે સુંદર દેશમાં અશ્વપુરનગરના રાજાનું નામ વજ્રવીર્ય અને રાણીનું નામ વિજયાદેવી. એકવાર રાણીએ આનંદકારી પાંચ મંગલ સ્વપ્ન દેખ્યા,–મેરુપર્વત, સૂર્ય, ચંદ્ર, દેવવિમાન, અને ભરેલું સરોવર–એ પાંચ સ્વપ્નની વાત તેણે રાજાને કરી, અને પૂછયું કે હે મહારાજ! આ પાંચ સ્વપ્નનું ફળ શું છે?

રાજાએ કહ્યું કે તેના ફળમાં તને એક ઉત્તમ પુત્ર અવતરશે. અને તે ચક્રવર્તી થશે.

રાણી તે સાંભળીને પ્રસન્ન થઈ અને પંચપરમેષ્ઠીનાં ગુણગાન કરવા લાગી. થોડા વખતમાં તેને એક પુત્રનો જન્મ થયો, એનું નામ વજ્રનાભિ. આ જ આપણા પારસનાથ ભગવાનનો જીવ! તે સ્વર્ગમાંથી અહીં અવતર્યો છે. રાજાએ પુત્ર જન્મનો મોટો ઉત્સવ કર્યો. નાનકડો રાજકુમાર બાલચેષ્ટાથી સૌને આનંદ કરાવતો હતો...ભલે નાનકડો–પણ મહાન આત્માને જાણનારો હતો; તે ક્યારેક આત્માની મધુરી વાતો કરતો, તે સાંભળીને ઘણા જીવોને ધર્મની પ્રેરણા જાગતી; ક્યારેક તો એકાંતમાં ધ્યાન ધરીને ચૈતન્યના ચિંતનમાં બેસતો–જાણે કોઈ નાનકડા મુનિ બેઠા હોય!

વજ્રનાભિ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ અનેક જાતની વિદ્યાઓ પણ તેને ખીલવા લાગી. તે બુદ્ધિસંપન્ન કુમાર ન્યાય–નીતિના માર્ગે ચાલનારો હતો; અનેક ગુણરત્નોનો ભંડાર હતો. યુવાન થતાં તેનો રાજ્યાભિષેક થયો. એકવાર ઉત્તમ પુણ્યોદયથી ધર્મચક્રવર્તી તીર્થંકર તેના દેશમાં પધાર્યા, અને તે જ વખતે તેના રાજ્યભંડારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું.–પુણ્ય કરતાં ધર્મ શ્રેષ્ઠ છે એમ સમજનાર તે રાજકુમારે પહેલાં તો ધર્મચક્રીના દરબારમાં જઈને તીર્થંકરદેવનું પૂજન કર્યું, અને પછી સુદર્શનચક્રનો ઉત્સવ કર્યો. તે સુદર્શનચક્રનું એવું સામર્થ્ય કે જે દુશ્મન

પર છોડે તેના પ્રાણ હરી લ્યે.–પણ આશ્ચર્યની વાત એ છે કે તે ચક્ર વડે એક પણ જીવની હિંસા વગર જ તેણે છખંડને જીતી લીધા,–જાણે કે અહિંસા–ચક્ર વડે જ છએ ખંડ જીતીને તે ચક્રવર્તી થયા. ચક્રવર્તીનો અપાર વૈભવ તેને મળ્યો, છન્નું કરોડ (૯૬, ૦૦, ૦૦૦૦૦) ગામ તેના તાબામાં હતા, તેના સૈન્યમાં ૮૪, ૦૦, ૦૦૦ ચોરાશીલાખ હાથી હતા, તેને છન્નું હજાર રાણીઓ હતી; સાતસો તો ઉત્તમ રત્નમણિની ખાણ હતી. બત્રીસહજાર રાજા–મહારાજાઓ તેના તાબામાં હતા; તેને ત્યાં નવ–નિધાન હતાં–તે નિધાન ઈચ્છા પ્રમાણે વસ્ત્ર, શસ્ત્ર, અલંકાર, પુસ્તક, વાજીંત્ર, વાસણ, અને રત્નો આપનારાં હતાં. તેની પાસે ૧૪ મહા રત્નો હતાં; અદ્ભુત સિંહાસન, છત્ર, ચામર વગેરે વૈભવ હતો; ૫૦ ગાઉ સુધી જેનો અવાજ સંભળાય એવી આનંદભેરી હતી; એના રાજ્યના જિનમંદિરની શોભા કોઈ અદ્ભુત હતી. ઊંચામાં ઊંચા રત્નોથી તે જેવું શોભતું હતું, તેનાં કરતાં પણ વધારે તો તેમાં બિરાજમાન અરિહંતદેવની વીતરાગ પ્રતિમાથી તે શોભતું હતું.

–આવો અદ્ભુત વૈભવ હોવા છતાં તે ચક્રવર્તી જાણતા હતા કે આ બધાય બહારના વૈભવ કરતાંય જુદી જાતનો મારો અનંત ચૈતન્યવૈભવ છે, તે જ સુખનો દાતાર છે. બહારનો કોઈ વૈભવ સુખનો દાતાર નથી, તેમાં તો આકુળતા છે. પુણ્યના ફળથી મળેલો બહારનો વૈભવ તો થોડો કાળ રહેનારો છે, મારો આત્મવૈભવ અનંતકાળ મારી સાથે રહેનાર છે; સમ્યગ્દર્શનરૂપી સુદર્શન ચક્ર વડે મોહને જીતીને હું મોક્ષસામ્રાજ્ય મેળવીશ, તે જ મારું ખરું સામ્રાજ્ય છે. આવા ભાનપૂર્વક તે જગતથી ઉદાસ હતો—

“दास भगवंतको उदास रहे जगतसों,
सुखीया सदैव ऐसे जीव समकिती है”

ચક્રવર્તીરાજમાં રહ્યાં છતાં અંતરમાં અદ્ભુત જ્ઞાનપરિણતિ સહિત તે દરરોજ અરિહંતદેવની પૂજા કરતા, મુનિવરોની સેવા કરતા, શાસ્ત્રની સ્વાધ્યાય કરતા, સામાયિક વગેરે ક્રિયાઓ કરતા. આમ ધર્મ–સંસ્કારથી ભરેલું તેમનું જીવન બીજા જીવોને પણ આદર્શરૂપ હતું. રાજ્ય કરતાં કરતાં પણ તે કદી આત્માના ધર્મને ભૂલતા ન હતા. આ પ્રમાણે રાજ્ય કરતાં કરતાં કેટલાય વર્ષો વીતી ગયા.

એક દિવસે ક્ષેમંકર નામના મુનિરાજ તેની નગરીમાં પધાયા; અદ્ભુત વીતરાગ એમનો દેદાર હતો, અવધિજ્ઞાનના તે ધારક હતા. વજનાભી ચક્રવર્તી તેમનાં દર્શન

કરવા ગયા અને તેમને દેખતાં જ તેની આંખો આનંદથી ઊભરાઈ ગઈ.–ધન્ય રત્નત્રયધારી મુનિરાજ! આપનાં વીતરાગી ત્રણ રત્નો પાસે આ ચક્રવર્તીનાં ચૌદ રત્નો સાવ તુચ્છ છે. આમ અત્યંત ભક્તિપૂર્વક મુનિરાજને ત્રણ પ્રદક્ષિણા કરી, તેમને વંદન કર્યું તથા સ્તુતિ અને પૂજા કરી; પછી આત્માના હિતનો ઉપદેશ સાંભળવાની જિજ્ઞાસા પ્રગટ કરી.

ત્યારે મુનિરાજે તેમને મોક્ષમાર્ગનો અલૌકિક ઉપદેશ આપ્યો; સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો વીતરાગભાવ સમજાવ્યો, અને મોક્ષને માટે આવો વીતરાગભાવ જ કર્તવ્ય છે–એમ બતાવ્યું. હે જીવ! આ સંસારદુઃખથી જો તું છૂટવા ચાહતો હો તો આવી ચારિત્રદશાને અંગીકાર કર. રાગ આત્માનો સ્વભાવ નથી, રાગ તો દુઃખ છે; તેથી ક્યાંય પણ જરાય રાગ ન કરતાં, વીતરાગ થઈને ભવ્ય જીવ ભવસાગરને તરે છે. હે રાજા! તું પણ આવા વીતરાગ ધર્મને સાધવા માટે તત્પર થા. તને આત્માનું ભાન તો છે ને હવે થોડા જ ભવ બાકી છે, પછી તું તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

મુનિરાજનો આવો વીતરાગ ઉપદેશ સાંભળીને ચક્રવર્તી રાજા ઘણા પ્રસન્ન થયા, ને તેમને પણ ઉત્તમ વૈરાગ્ય ભાવનાઓ જાગી. શરીર અને ભોગોથી તેનું મન ઉદાસ થયું ને ધર્મમાં તેનો ઉત્સાહ ઘણો વધી ગયો. તેણે અત્યંત વિનયપૂર્વક મુનિરાજની પાસે મુનિદીક્ષાની પ્રાર્થના કરી.

હે પ્રભો! આપના ઉપદેશથી મારું મન આ સંસારથી અત્યંત ઉદાસ થયું છે, પરભાવોથી વિરક્ત થઈને હવે નિજસ્વરૂપમાં લીન થવા મારો આત્મા તત્પર થયો છે; હે દેવ! આ જગતમાં મારો શુદ્ધઆત્મા જ મારે માટે ધ્રુવ છે, શરીરાદિ સમસ્ત સંયોગો અધ્રુવ છે, તે કોઈ મને શરણરૂપ નથી, સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી અત્યંત જુદો, ને જ્ઞાન–દર્શનથી પરિપૂર્ણ મારો આત્મા એક છે–એમ મેં જાણ્યું છે. આનંદમય મારો આત્મા જ પવિત્ર છે, શરીર અને રાગાદિ આસ્રવો તો અશુચીના ભંડાર છે. તે અજ્ઞાનમય આસ્રવોને લીધે મેં સંસારની ચાર ગતિમાં ભવ કરી કરીને ખૂબ દુઃખ ભોગવ્યાં. દેવલોકમાંય રાગદ્વેષથી દુઃખ થયો, મનુષ્યમાં પણ ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ–એવા પ્રસંગથી આર્તધ્યાન–રૌદ્રધ્યાન કરીને દુઃખ થયો; ક્યારેક પુત્ર કે ભાઈ પણ વેરી થયા, ક્યારેક શરીરમાં રોગ–પીડા થઈ, તો ક્યારેક માસિક પીડાથી દુઃખી થયો, તિર્યંચ અને નરકના અવતારમાં જે ભયંકર દુઃખો જીવે મોહથી અનંતવાર ભોગવ્યા–તેની તો શી વાત? પ્રભો! આ

દુઃખમય સંસારથી આપ મારો ઉદ્ધાર કરો.......રત્નત્રયરૂપી જહાજ વડે આપ આ ભવસમુદ્રથી મને તારો. સંસારમાં સુખ નથી તેથી તીર્થંકરો પણ સંસારને છોડીને મોક્ષને સાધે છે. પ્રભો! હું પણ મુનિદીક્ષા લઈને તીર્થંકરોના પંથે આવવા ચાહું છું.

મુનિરાજે કહ્યું–હે ભવ્ય! તારી ભાવના ઉત્તમ છે. સંસારના સુખોથી જીવને કદી સંતોષ થવાનો નથી, મોક્ષસુખ એ જ સાચું સુખ છે. જીવે ભવચક્રમાં ભમતાં ભમતાં બીજા બધા ભાવો અનંતવાર ભાવ્યા છે, પણ આત્મભાવને કદી ભાવ્યો નથી, સમ્યક્ત્વાદિ ભાવો કદી સેવ્યાં નથી. માટે આ મનુષ્યઅવતારમાં તેની જ ભાવના કરવા જેવી છે. તું ચક્રવર્તીરાજને પણ અસાર જાણીને છોડવા તૈયાર થયો છે અને સારભૂત રત્નત્રયને ધારણ કરવા તૈયાર થયો છે, તેથી તને ધન્ય છે. આમ કહીને તે મુનિરાજે વજ્રનાભી ચક્રવર્તીને મુનિપદની દીક્ષા આપી. તે ચક્રવર્તી હવે રાજપાટ છોડીને જિનમુદ્રાધારી મુનિ થયા. ચક્રવર્તીની છખંડની વિભૂતિના ઉપભોગથી તેઓ સંતુષ્ટ ન થયા તેથી મોક્ષના અખંડસુખને સાધવા માટે તત્પર થયા. ધન્ય તે મુનિરાજ! તેમના ચરણોમાં નમસ્કાર હો.–

ધન્ય મુનિશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર....કિ તુમને છોડા સબ સંસાર...

ધન છોડા વૈભવ સબ છોડા, જાના જગત અસાર.....કિ તુમને છોડા સબ સંસાર...

આત્મસ્વરૂપમેં ઝુલતે......કરતે નિજ આતમ ઉદ્ધાર.....કિ તુમને છોડા સબ સંસાર..

ઊંચા હાથીના હોદે બેસનારા ચક્રવર્તી હવે ઊઘાડે પગે વનમાં ચાલવા લાગ્યા...રત્નમણિ જડેલા વસ્ત્ર વગરના તે મુનિરાજ રત્નત્રયથી શોભવા લાગ્યા. સોનાની થાળીમાં જમનારા ચક્રવર્તી હવે હાથમાં જ ભોજન લેવા લાગ્યા. એણે ૧૪ રત્નો છોડીને ત્રણ રત્નો લીધાં... નવનિધાન છોડીને અખંડ આનંદના નિધાનને સાધવા લાગ્યા...છન્નું હજાર રાણીઓ અને છન્નું કરોડની સેના–તે બધાયનો સંગ છોડીને, અસંગપણે વન–જંગલમાં વસવા લાગ્યા, ને ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કરવા લાગ્યા.

એકવાર તે મુનિરાજ જંગલમાં બેઠા બેઠા આત્માનું ધ્યાન કરી રહ્યા હતા...સિદ્ધભગવાન જેવું પોતાના આત્માનું સુખ, તેનો વારંવાર અનુભવ કરતા હતા..જંગલમાં આસપાસ શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ નથી...શરીરનું પણ લક્ષ નથી, દેહથી ભિન્ન આત્મા–હું જ પરમાત્મા છું–એવા ધ્યાનમાં એકાગ્ર હતા. એવામાં........એવામાં દૂરથી સનસનાટી કરતું એક તીર આવ્યું ને એ મુનિરાજનું શરીર વીંધાઈ ગયું........

–ક્યાંથી આવ્યું એ તીર? તેમનો પૂર્વભવનો ભાઈ, કમઠનો જીવ–કે જે નરકમાં હતો અને ત્યાંથી નીકળીને કુરંગ નામનો શિકારી ભીલ થયો હતો તેણે એ તીર માર્યું હતું. તે ભીલ આ વનમાં રહેતો હતો, ને હાથમાં ધનુષ–બાણ લઈને ક્રૂર ભાવથી હરણ વગેરે પશુઓની હિંસા કરતો હતો; તે માંસનો લાલચુ હતો, આ રીતે તે મહાન પાપ બાંધી રહ્યો હતો. વનમાં ફરતાં ફરતાં તે ભીલ, જ્યાં મુનિરાજ ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો, ને મુનિરાજને જોતાં જ, પરમ ભક્તિભાવ આવવાને બદલે પૂર્વ ભવના સંસ્કારથી તેને ક્રોધ આવ્યો, હાથમાં બાણ લઈને તેણે મુનિ તરફ તાક્યું ને તે બાણવડે મુનિરાજનું શરીર વીંધાઈ ગયું.

અરેરે! ક્રોધ કેવો બુરો છે! ક્યાં જીવનો ઉપશાંત સ્વભાવ! ને ક્યાં આ ક્રોધ! ક્રોધથી અંધ થયેલો ક્રૂર જીવ, આ નાનકડા ભગવાન જેવા મુનિરાજને પણ ઓળખી ન શક્યો...ને ધ્યાનમાં સ્થિર એ અહિંસક મુનિરાજની વગરકારણે હિંસા કરીને તે જીવે તીવ્ર અનંતાનુબંધી ક્રોધથી સાતમી નરકનું આયુષ્ય બાંધી દીધું. ક્રોધથી ભાન ભૂલેલા જીવને એટલું પણ ભાન ન રહ્યું કે આ ક્રોધના ફળમાં કેટલા ભયંકર દુઃખો ભોગવવા પડશે!

શરીર વીંધાઈ ગયું છે તોપણ મુનિરાજ તો પોતાના આત્મસ્વભાવમાં નિશ્ચલ છે, એમના ધ્યાનમાં કોઈ શત્રુ કે મિત્ર નથી, રાગ કે દ્વેષ નથી, કોઈ પૂજે કે કોઈ બાણ મારે–તે બંને પ્રત્યે સમભાવ છે, જીવન અને મરણમાં પણ તેમને સમભાવ છે, દેહનુંય તેમને મમત્વ નથી, આત્માના આનંદમાં એવા મશગુલ છે કે દેહ વીંધાવા છતાં તેનું દુઃખ નથી; મોહ હોય તો દુઃખ થાય ને? નિર્મોહીને દુઃખ શું? એ તો નિર્મોહપણે ધર્મધ્યાનમાં જ એકાગ્ર છે. બાણ મારનાર ભીલ ઉપર પણ તેમને ક્રોધ થતો નથી. વાહ રે વાહ! ધન્ય ક્ષમાના ભંડાર મુનિરાજ!

વહાલા વાંચક! તું પણ એ ભીલ ઉપર ક્રોધ ન કરીશ....પણ ક્ષમાના ભંડાર એવા મુનિરાજ પાસેથી ઉત્તમ ક્ષમાના પાઠ શીખજે.

વજનાભી મુનિરાજ પોતાના દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનામાં અડગ રહ્યા, તેમાં ભંગ પડવા ન દીધો, ધર્મધ્યાનમાં એકાગ્રતાપૂર્વક શરીર છોડીને તેમણે સમાધિમરણ કર્યું અને મધ્યમ ગ્રૈવેયકમાં અહમન્દ્રિ થયા.

ભીલનો જીવ પોતાના મહાપાપનું ફળ ભોગવવા માટે સાતમી નરકમાં ગયો. રૌદ્રધ્યાનથી મુનિની હત્યા કરી તેથી તે મહા દુઃખી થયો. સંસારમાં ભમતાં જીવે

અજ્ઞાનદશામાં આવા ભાવો ઘણીવાર કર્યા છે. એ જીવ પણ ક્ષણમાં પોતાના ભાવો પલટીને, પોતાનું હિત સાધી શકે છે. અત્યારનો આ પાપી જીવ પણ ક્ષણમાં કેવો પલટો કરીને આત્માનો ઉદ્ધાર કરે છે તે તમે થોડા વખતમાં વાંચશો, અને ત્યારે એ જ જીવ ઉપર તમને પ્રેમ આવશે.

(વિશેષ આવતા અંકમાં)

[આ પારસનાથ ભગવાનના દશભવની પવિત્રકથાનું સુંદર સચિત્ર પુસ્તક દીવાળી પહેલાં તૈયાર થઈ જશે. દિવાળી પ્રસંગે બોણીમાં ભેટ આપવા માટે તે સુંદર અને સર્વોપયોગી છે. મૂલ્ય ૮૦ પૈસા. – બ્ર હરિલાલ જૈન]

❈ ❈ ❈ ❈ ❈

## 卐 શ્રી ગુરુકી
## પંચ-પ્રસાદી 卐

(૧) ચૈતન્યમાં ઊંડે ઊતરતાં ગંભીર જ્ઞાનચેતના વડે વીતરાગી આનંદનો અનુભવ પ્રગટે છે. ધર્મીની જ્ઞાનચેતનાના અંતરના અનુભવના પરિણામ સૂક્ષ્મ–ગંભીર–ઊંડા છે.

(૨) જે વિકલ્પ કરવામાં જ ઊભો છે ને નિર્વિકલ્પ–જ્ઞાનચેતનામાં આવતો નથી તે જ વિકલ્પનો કર્તા છે; નિર્વિકલ્પ–જ્ઞાનચેતનામાં આવ્યા વગર વિકલ્પનું કર્તાપણું (અજ્ઞાન) છૂટતું નથી. અને જ્યાં અંતર્મુખ નિર્વિકલ્પ અનુભવમાં આવ્યો ત્યાં વિકલ્પ વગરની જ્ઞાનચેતના પ્રગટી, તેમાં વિકલ્પના કોઈ અંશનું કર્તૃત્વ રહેતું નથી.

(૩) વિકલ્પને જે પોતારૂપ જાણે તેને તેનું કર્તાપણું કેમ છૂટે? અને જે અંતર્મુખ જ્ઞાનભાવમાં તન્મય થયો તેને વિકલ્પનું કર્તાપણું કેમ રહે?

(૪) ચૈતન્યના આનંદની અનુભૂતિ વિકલ્પમાં આવી શકતી નથી.

(૫) જ્ઞાનબગીચામાં કેલિ કરતા કરતા જ્ઞાનીઓ મોક્ષને સાધે છે.

# જ્ઞાન ચેતના

– જે કર્મને કરતી નથી;

– જે કર્મફળને ભોગવતી નથી.

– જે સદા આનંદરસને પીએ છે.

ધર્મીને જ્ઞાનચેતના પ્રગટી છે; તે જ્ઞાનચેતના નવાં કર્મોને બાંધતી નથી, તેમજ પૂર્વકર્મનાં ફળને ભોગવતી નથી, તે તો ચૈતન્યસ્વભાવને જ અવલંબતી થકી પોતાના આત્માને જ સંચેતે છે, આનંદસહિત તેને જ અનુભવે છે, અને નૈષ્કર્મરૂપે પરિણમે છે એટલે કે કર્મને કરતી નથી– ભોગવતી પણ નથી. પરિણતિ તો વળી ગઈ અંતરમાં, ત્યાં કર્મ તરફ વલણ ન રહ્યું. એટલે તે પરિણતિમાં કર્મને કરવાપણું કે કર્મફળને ભોગવવાપણું નથી. આ રીતે કર્મચેતના અને કર્મફળ–ચેતના બંનેથી રહિત જ્ઞાનચેતનાનો અનુભવ તે ધર્મ છે, ધર્મીને આવી જ્ઞાનચેતના હોય છે. બહારના જાણપણાથી આવી જ્ઞાનચેતના ન પ્રગટે; જેનું જ્ઞાન રાગાદિથી ભિન્ન થઈને અંતરના ચેતનસ્વભાવમાં એકાગ્ર થયું તેને જ જ્ઞાનચેતના પ્રગટી છે.

રાગથી ભિન્ન આત્માના અનુભવરૂપ જ્ઞાનચેતનાનો અભ્યાસ ન હોવાથી જીવોને તે કઠિન છે, પણ તે એવું નથી કે થઈ ન શકે. રાગ અને જ્ઞાન એકમેક થયા નથી તેથી તેમનું ભેદજ્ઞાન કરીને શુદ્ધ જ્ઞાનચેતનાનો અનુભવ થઈ શકે છે, તે અશક્ય નથી પણ શક્ય છે. પોતે પરિણામ બહારમાં જોડે છે તેને બદલે આત્માની રુચિ કરીને તેમાં પરિણામ જોડે તો તેનો અનુભવ જરૂર થાય છે.

અજ્ઞાનીને પરપરિણતિ સુગમ લાગે છે ને સ્વપરિણતિ કઠણ લાગે છે. આત્માનો અનુભવ કઠણ છે–એમ કહીને તે આત્મામાં ઉપયોગને જોડવાનો ઉદ્યમ જ નથી કરતો, ને પરભાવોમાં ઉત્સાહથી ઉપયોગને જોડે છે,–તે જીવ સ્વરૂપની ચાહ વગરનો બહિરાત્મા છે. ભાઈ, તું આત્માની રુચિ કરીને તેમાં ઉપયોગ લગાવ તો આ કાળે પણ આત્માનો અનુભવ થઈ શકે છે. રાગવડે

એવો અનુભવ ન થાય પણ જ્ઞાનચેતના વડે તો આત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે; અત્યારે પણ તે થઈ શકે છે. એવી જ્ઞાનચેતનાનું આ વર્ણન છે.

'જ્ઞાનચેતના' તો જ્ઞાનચેતનારૂપ રહે છે, તે હર્ષ–શોકરૂપ થતી નથી, માટે જ્ઞાનચેતનારૂપ થયેલા જ્ઞાની કર્મફળને ભોગવતા નથી. આત્માનું જે સંચેતન તેમાં કર્મફળનું સંચેતન નથી. અધૂરાપણું, વિકાર કે સંયોગ–એવું જે કર્મફળ, તેનો અનુભવ શુદ્ધઆત્માના સંચેતનમાં નથી.

સમ્યગ્દર્શન–પર્યાયનો મહિમા તે શુદ્ધઆત્માનો જ મહિમા છે. સમ્યક્દર્શનપર્યાય શુદ્ધાત્માના આશ્રયથી પ્રગટી છે, એટલે તે સમ્યગ્દર્શનના મહિમામાં શુદ્ધઆત્મદ્રવ્યનો મહિમા આવી જ ગયો.

અહો, સમ્યગ્દર્શન કરતાંય ચારિત્રનો મહિમા અનંતગુણો છે, એવી ચારિત્રદશાવાળા મુનિનાં દર્શન પણ ક્યાંથી!–પણ એવી ચારિત્રદશાય શુદ્ધાત્મામાં એકાગ્રતાથી જ પ્રગટે છે; એટલે જેણે આત્માને જાણી લીધો તેણે ભગવાનને અને મુનિને પણ દેખી લીધા. પોતાનો આત્મા પૂર્ણ આનંદપણે વિદ્યમાન છે...આવા સ્વઅસ્તિત્વનો સ્વીકાર કરીને પર્યાય તેમાં ઘૂસી ગઈ ત્યાં તે પર્યાય પણ આનંદરૂપ થઈ. ક્યાંય બીજે આનંદ શોધવાપણું રહેતું નથી.

અંતર્મુખ થઈને જે ચેતના શુદ્ધઆત્માના સંચેતનમાં આવી તે ચેતનામાં પરભાવનો ભોગવટો કેમ હોય?–ન જ હોય; કેમ કે શુદ્ધઆત્મામાં તે પરભાવનું અસ્તિત્વ નથી, એટલે શુદ્ધઆત્માના ભોગવટામાં તે પરભાવનો (કે ૧૪૮ કર્મનાં ફળનો) ભોગવટો નથી. આનું નામ જ્ઞાનચેતના છે. આ જ્ઞાનચેતના આનંદરૂપ છે. તેથી કહે છે કે આવી જ્ઞાનચેતનારૂપ થઈને સદાકાળ તમે આનંદરૂપ રહો.

જ્ઞાનચેતના આત્માના પ્રશમરસને પીનારી છે, અજ્ઞાનચેતનાથી તો કષાયરસનો કડવો અનુભવ હતો, પણ હવે અંતરની જ્ઞાનચેતનાવડે હે જ્ઞાનીજનો! તમે સદાકાળ ચૈતન્યના પરમ આનંદરૂપ પ્રશમરસને પીઓ...ભગવાન આત્માના અમૃતરસના અનુભવમાં જ તરબોળ બનો. જુઓ, આચાર્યદેવે કેવું સરસ આશીર્વાદ–વચન કહ્યું છે! સમ્યગ્દર્શન થયું ને

જ્ઞાનચેતના પ્રગટી ત્યારથી માંડીને સદાકાળ અનંતકાળ સુધી જ્ઞાનચેતનારૂપે જ પરિણમતા થકા જ્ઞાનીજનો નિજાનંદરસનું પાન કરો...અહો, આનંદના દરિયા અંતરમાં દેખ્યા...તેને જ હવે સદાકાળ અનુભવ્યા કરો. આમ ધર્મીજીવોને પ્રેરણા કરી છે...ને આવા પ્રશમરસને પીનારી જ્ઞાનચેતનાની પ્રશંસા કરી છે. આવી જ્ઞાનચેતના સદાકાળ આનંદરૂપ છે.

[ સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકારના પ્રવચનમાંથી ]

## વીતરાગી સન્તો કહે છે-

| | |
|---|---|
| શ્રી નેમિચન્દ્રસિદ્ધાંત ચક્રવર્તી કહે છે કે–હે ભવ્ય ! નિર્વિકલ્પ–ધ્યાનની પ્રસિદ્ધિ માટે તારા ચિત્તને સ્થિર કરવા ચાહતો હો તો ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં મોહી ન થા, રાગી ન થા, દ્વેષી ન થા. | શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે<br>નિધિ પામીને જન કોઈ<br>નિજ વતને રહી ફળ ભોગવે,<br>ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી<br>જ્ઞાનનિધિને ભોગવે. |
| મુનિરાજ શ્રી પદ્મપ્રભસ્વામી કહે છે કે –ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલા નિજમહિમાને જાણતો કોણ વિદ્વાન ‘આ પરદ્રવ્ય મારું છે’ એમ કહે ? | શ્રી પદ્મનંદી–મુનિરાજ કહે છે કે–જે જીવ વારંવાર આ આત્મતત્ત્વનો અભ્યાસ કરે છે, કથન કરે છે, વિચાર કરે છે અને સમ્યક્ ભાવના કરે છે, તે નવ કેવલલબ્ધિસહિત અક્ષય ઉત્તમ અને અનંત એવા મોક્ષસુખને શીઘ્ર પામે છે. |

# ૭. લિંગ પ્રાભૃત

卐

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવરચિત અષ્ટપ્રાભૃતની કુલ ૫૦૩ મૂળ ગાથાઓના ગુજરાતી અર્થ આ અંકે પૂરા થાય છે. દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, બોધપ્રાભૃત, ભાવપ્રાભૃત, અને મોક્ષપ્રાભૃત આત્મધર્મ અંક ૩૨૧–૩૨૨–૩૨૩ માં આવી ગયા છે, બાકીનાં બે લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃત આ અંકમાં આપેલ છે. આ અષ્ટપ્રાભૃતના રસાસ્વાદનથી જિજ્ઞાસુઓએ પ્રસન્નતા વ્યક્ત કરી છે. હાલમાં અષ્ટપ્રાભૃત ઉપર ચોથી વખત પ્રવચન ચાલે છે.

*****

૧. અરિહંતોને તેમજ સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને, શ્રમણલિંગનું પ્રતિપાદક પ્રાભૃતશાસ્ત્ર સમાસથી કહું છું.

૨. ધર્મ હોય ત્યાં તેનું લિંગ હોય છે, પણ એકલા બાહ્ય લિંગ વડે ધર્મની સંપ્રાપ્તિ થઈ જતી નથી; માટે હે જીવ! તું ભાવધર્મને જાણ; બાહ્યલિંગથી તારે શું કર્તવ્ય છે?

૩. જિનવરેન્દ્રોએ ધારણ કરેલા એવા મુનિલિંગને ગ્રહણ કરીને પણ, પાપથી મોહિતમતિવાળો જે જીવ લિંગીભાવનો (અર્થાત્ ભાવલિંગનો) ઉપહાસ કરે છે તે તો લિંગધારકોમાં નારદ સમાન ભેષધારી છે.

૪. મુનિલિંગરૂપ ભેખ ધારણ કરીને પણ જે નાચે છે, ગાય છે, વાજિંત્ર વગાડે છે તે પાપથી મોહિતબુદ્ધિવાળો જીવ તિર્યંચયોનિ–પશુ જેવો છે, તે શ્રમણ નથી.

૫. જે ઘણા પ્રયત્નથી પરિગ્રહનો સંગ્રહ કરીને તેમાં સંમૂર્છિત રહે છે, તેની રક્ષા કરે છે અને આર્ત્તધ્યાન કરે છે તે પાપથી મોહિતબુદ્ધિવાળો જીવ તિર્યંચયોનિ–પશુ જેવો છે, તે શ્રમણ નથી.

૬. દ્રવ્યલિંગ ધારણ કરીને પણ જે કલહ કરે છે, વાદ કરે છે, જુગાર રમે છે અને નિત્ય ઘણા માન–ગર્વ સહિત વર્તે છે,–એ રીતે મુનિલિંગ ધારણ કરીને પણ પાપ કરે છે–તે જીવ નરકમાં જાય છે.

૭. પાપવડે જેનો ભાવ હણાઈ ગયો છે અને દ્રવ્યલિંગમાં રહીને પણ જે અબ્રહ્મને સેવે છે તે પાપથી મોહિતમતિવાળો જીવ સંસારરૂપી ઘોરવનમાં ભમે છે.

૮. મુનિલિંગ ધારણ કરીને પણ જે દર્શન–જ્ઞાન–ચારિત્રને તો ધારણ નથી કરતો અને આર્ત્તધ્યાનને ધ્યાવે છે તે અનંત સંસારી થાય છે.

૯. જે વિવાહ યોજે છે તેમ જ ખેતીકર્મ, વેપાર કે જીવહિંસાના કાર્ય યોજે છે,–એ રીતે મુનિલિંગ ધારણ કરીને પણ પાપ કરે છે તે જીવ નરકમાં જાય છે.

૧૦. મુનિલિંગ ધારણ કરીને પણ જે ચોર લોકોમાં, જુઠ બોલનારમાં કે રાજકાર્યમાં યુદ્ધ–વાદવિવાદ વગેરે કરાવે છે, તથા યંત્ર–ચોપાટ–શતરંજ વગેરે તીવ્રકષાયવાળા કર્મોમાં પ્રવર્તે છે તે લિંગી નરકવાસને પામે છે.

૧૧. મુનિલિંગ ધારણ કરવા છતાં, દર્શન–જ્ઞાન–ચારિત્રમાં કે તપ–સંયમ–નિયમરૂપ નિત્યકાર્યમાં વર્તતાં જે દુઃખી થાય છે, અથવા તેમાં વર્તનારા બીજા જીવોને જે પીડા ઉપજાવે છે તે લિંગી નરકમાં જાય છે.

૧૨. જે મુનિલિંગ ધારણ કરીને ભોજનમાં રસગૃદ્ધિ કરે છે, કંદર્પાદિ પાપભાવનાઓમાં વર્તે છે, તથા માયાવી અને દુરાચારી છે તે મુનિલિંગને લજાવનારો તિર્યંચયોનિ–પશુ જેવો છે, તે શ્રમણ નથી.

૧૩. દ્રવ્યલિંગ ધારણ કરીને પણ જે આહાર માટે આકુળતાથી જાય છે, અને કલહ કરીને આહાર ખાય છે, તથા બીજા સાથે ઈર્ષા કરે છે,–તે શ્રમણ જિનમાર્ગી નથી.

૧૪. જે અદત્તદાનને ગ્રહણ કરે છે, પરનિંદામાં અને પરને દૂષણ દેવામાં તત્પર છે, તે શ્રમણ જિનલિંગનો ધારક હોવા છતાં ચોર જેવો છે.

૧૫. ઈર્યાપથસહિત જિનલિંગનું રૂપ ધારણ કરીને પણ જે ઉત્પાતપૂર્વક દોડે છે, પૃથ્વી ખોદે છે, તે શ્રમણ નથી પણ તિર્યંચયોનિ અર્થાત્ પશુ જેવો છે.

૧૬. બંધના ભય વગર ( અથવા બંધમાં જ રત વર્તતો થકો ) જે અનાજને ખાંડે છે, પૃથ્વીને ખોદે છે તથા અનેક વૃક્ષસમૂહને ઉખેડે છે, તે શ્રમણ નથી પણ તિર્યંચયોનિ અર્થાત્ પશુ જેવો છે.

૧૭. જે હંમેશા મહિલાવર્ગ પ્રત્યે રાગ કરે છે, અને બીજા પર દોષારોપણ કરે છે, તથા પોતે દર્શન–જ્ઞાનથી રહિત છે, તે શ્રમણ નથી પણ તિર્યંચયોનિ અર્થાત્ પશુ જેવો છે.

૧૮. જેને પ્રવજ્યાહીન ગૃહીજનો પ્રત્યે તથા શિષ્યો પ્રત્યે અતિશય સ્નેહ–રાગ વર્તે છે, તથા જે સાધુના આચાર તથા વિનયથી રહિત છે, તે શ્રમણ નથી પણ તિર્યંચયોનિ અર્થાત્ પશુ જેવો છે.

૧૯. એ રીતે, જે મુનિવર વિપરીત પ્રવૃત્તિ સહિત વર્તે છે તે, સંયમીસાધુઓની વચ્ચે રહેતો હોવા છતાં અને ઘણાં શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં, ભાવશુદ્ધિથી રહિત હોવાથી શ્રમણ નથી.

૨૦. જે મહિલાવર્ગમાં વિશ્વાસ ઉપજાવીને તેને દર્શન–જ્ઞાન–ચારિત્ર આપે છે તે સાધુ પાર્શ્વસ્થ ( ભ્રષ્ટ ) થી પણ હલકો છે, તે ભાવશુદ્ધિ રહિત છે, તે શ્રમણ નથી.

૨૧. દુરાચારી સ્ત્રીના ઘરે જે ભોજન લ્યે છે, નિત્ય તેની સ્તુતિ–પ્રશંસા કરીને પિંડનું પોષણ કરે છે, તે બાલસ્વભાવને ( અજ્ઞાનને ) પામે છે; તે ભાવશુદ્ધિ વગરનો છે, તે શ્રમણ નથી.

૨૨. આ રીતે આ લિંગપ્રાભૃત સર્વબુદ્ધ એવા જિનવરોએ ઉપદેશ્યું છે, તેમાં કહેલા મુનિધર્મનું જે કષ્ટસહિત–યત્ન પૂર્વક પાલન કરે છે તે ઉત્તમ સ્થાનને અવગાહે છે.

( સાતમું લિંગપ્રાભૃત સમાપ્ત )

## આ રા ધ ના

અનાદિ મિથ્યાદ્રષ્ટિ એવા ભદ્રણાદિ રાજપુત્રો તે જ ભવમાં ત્રસપણું પામ્યા અને જિનેન્દ્રદેવના પાદકમળની નીકટમાં ધર્મશ્રવણ કરીને સમ્યગ્દર્શન તથા સંયમને પામ્યા અને ઘણા જ થોડા કાળમાં રત્નત્રયની પૂર્ણતા કરીને સિદ્ધ થયા.......માટે આરાધના જ સાર છે.

ભગવતી આરાધના ગા. ૧૭



# ૮. શીલ પ્રાભૃત

卐

૧. જેઓ વિશાલનયનવાળા છે, અને જેમનાં ચરણ રાતા કમળ જેવા કોમળ છે, એવા વીરજિનને ત્રિવિધે પ્રણમીને શીલગુણોનું કથન કરું છું.

૨. શીલને અને જ્ઞાનને વિરોધ નથી–એમ બુધજનોએ દર્શાવ્યું છે. વળી શીલ વગર તો વિષયો જ્ઞાનનો વિનાશ કરે છે.

૩. પ્રથમ તો, દુષ્કરપણે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; જ્ઞાનને જાણીને તેની ભાવના દુષ્કર છે; અને ભાવિતમતિ એટલે કે જેણે જ્ઞાનની ભાવના ભાવી છે–એવો જીવ પણ દુષ્કરપણે વિષયોથી વિરક્ત થાય છે. (આવી જ ગાથા મોક્ષપ્રાભૃતમાં ૬૫ મી છે.)

૪. જીવ જ્યાંસુધી વિષયની પ્રબલતાસહિત વર્તે છે ત્યાંસુધી તે જ્ઞાનને જાણતો નથી; અને જ્ઞાન વગર માત્ર વિષયોથી વિરક્તિ વડે જીવને પુરાણા કર્મોનો ક્ષય થતો નથી. (–જ્ઞાનસહિત જ સાચી વિરક્તિ થાય છે.)

૫. ચારિત્ર વગરનું જ્ઞાન, દર્શન વગરનું લિંગગ્રહણ, અને સંયમ વગરનું તપશ્ચરણ –તે બધું નિરર્થક છે.

૬. ચારિત્રશુદ્ધિ સહિત જ્ઞાન, દર્શનશુદ્ધિસહિતનું લિંગગ્રહણ અને સંયમસહિતનું તપ,–તે થોડું હોય તોપણ મહાન ફળને દેનાર છે.

૭. વિષયોમાં વિમોહિત કોઈ મૂઢ પુરુષો, જ્ઞાનને જાણીને પણ વિષયાદિ ભાવમાં લીન વર્તતા થકા ચારગતિમાં રખડે છે.

૮. અને જે વિષયોથી વિરક્ત જીવો જ્ઞાનને જાણીને તેની ભાવના સહિત છે તે તપ–ગુણયુક્ત જીવો ચાર ગતિને છોડીને મોક્ષ પામે છે,–એમાં સન્દેહ નથી.

૯. જેમ આંચ આપવાથી, અને ગેરુ તથા લૂણના લેપથી કંચન વિશુદ્ધ થાય છે તેમ જીવ પણ વિમળ જ્ઞાનજળ વડે વિશુદ્ધ થાય છે.

૧૦. કોઈ પુરુષ જ્ઞાનગર્વિત થઈને વિષયોમાં રંજિત થાય છે, તો ત્યાં મંદબુદ્ધિ એવા તે કાયર પુરુષનો જ દોષ છે, જ્ઞાનનો દોષ નથી.

૧૧. સમ્યક્ત્વસહિત જ્ઞાનથી, દર્શનથી, તપથી અને ચારિત્રથી જેમનું ચારિત્ર વિશુદ્ધ છે–તે જીવો પરિનિર્વાણને પામે છે.

૧૨. વિષયોથી જેમનું ચિત્ત વિરક્ત છે, શીલની જેઓ રક્ષા કરનારા છે, દર્શન જેમનું શુદ્ધ છે અને ચારિત્ર જેમનું દ્રઢ છે–એવા જીવો ચોક્કસ નિર્વાણને પામે છે.

૧૩. વિષયોમાં મોહિત હોવા છતાં જે પુરુષ ઇષ્ટદર્શી છે (પોતાનું ઇષ્ટ શું છે તેને જાણે છે) તેને તો માર્ગની પ્રાપ્તિ કહેવામાં આવી છે; પરંતુ જે ઉન્માર્ગદર્શી છે તેનું તો જ્ઞાન પણ નિરર્થક છે.

૧૪. અનેકવિધ શાસ્ત્રોને જાણતા હોવા છતાં જે જીવો કુમત અને કુશ્રુતના પ્રશંસક છે, તથા શીલ–વ્રત જ્ઞાનથી રહિત છે તેઓ આરાધક નથી.

૧૫. જે મનુષ્ય યૌવન–લાવણ્ય અને કાંતિથી શોભાયમાન છે તથા સુંદર રૂપ વડે ગર્વિત છે, પણ જો શીલગુણથી રહિત છે તો તેનો મનુષ્યજન્મ નિરર્થક છે.

૧૬. વ્યાકરણ–છંદ–વૈશેષિક–વ્યવહાર–ન્યાયશાસ્ત્રો જાણીને, તેમ જ જિનવાણીરૂપ શ્રુતને જાણીને પણ, તે શ્રુતમાં શીલ જ ઉત્તમ છે. (અર્થાત્ શીલસહિત શ્રુત હોય તે જ ઉત્તમ છે.)

૧૭. જે શીલગુણથી મંડિત હોય તે દેવોને તેમ જ ભવ્યજીવોને વહાલો લાગે છે, દુઃશીલ જીવ પ્રચુર શ્રુતનો પારગામી હોય તોપણ લોકમાં તે અપ્રિય છે, હલકો છે.

૧૮. સર્વેથી જે પરિહીન છે, રૂપ જેનું વિરૂપ છે અર્થાત્ કદરૂપ છે, સુવય જેની વીતી ગઈ છે અર્થાત્ વૃદ્ધાવસ્થા થઈ ગઈ છે, પરંતુ શીલ જેનું સુશીલ છે–તેનું મનુષ્યજીવન ઉત્તમ છે, પ્રશંસનીય છે.

૧૯. જીવદયા, ઇન્દ્રિયદમન, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, સમ્યગ્દર્શન, જ્ઞાન તેમ જ તપ–એ બધા શીલનો પરિવાર છે.

૨૦. શીલ છે તે જ વિશુદ્ધ તપ છે, તે જ દર્શનશુદ્ધિ છે, તે જ જ્ઞાનશુદ્ધિ છે; વળી શીલ તે વિષયોનો શત્રુ છે અને શીલ તે મોક્ષનું સોપાન છે.

૨૧. જેમ, સ્થાવર કે જંગમ એવા તીવ્રવિષ વડે પ્રાણીઓનો વિનાશ થાય છે તેમ વિષયલુબ્ધ પ્રાણી તો સર્વસ્વનો વિનાશ કરે છે, માટે વિષ કરતાં પણ વિષયરૂપી વિષ વધુ દારૂણ છે.

૨૨. સર્પાદિકના વિષની વેદનાથી હણાયલો જીવ તો આ જન્મમાં એક જ વાર મરણ પામે છે, પરંતુ વિષયરૂપી વિષથી અત્યંત હણાયેલો જીવ ઘોર સંસાર વનમાં ભમતો થકો અનંતવાર મરે છે.

૨૩. વિષયાસક્ત જીવો નરકમાં વેદના પામે છે, તિર્યંચમાં તથા મનુષ્યમાં પણ દુઃખો પામે છે, અને દેવલોકમાં પણ તે દુર્ભાગ્યને પામે છે.

૨૪. જેમ અનાજમાંથી ફોતરાંને ઊડાડી દેતાં મનુષ્યોનું કાંઈ દ્રવ્ય ચાલ્યું જતું નથી, તેમ તપ-શીલમાં કુશળ પુરુષો વિષ જેવા વિષયોને ફોતરાંની માફક છોડી દે છે.

૨૫. દેહના અંગમાં કોઈ વૃત્તાકાર-ગોળ, લંબગોળ, ભદ્ર અને વિશાળ છે, તે સર્વે અંગોની પ્રાપ્તિમાં પણ શીલ સૌથી ઉત્તમ છે.

૨૬. કુસમયના સેવનથી જે મૂઢ છે અને વિષયમાં લોલુપ છે-તે પુરુષો, તેમ જ તેનો સંગ કરનારા જીવો પણ, પાણીના રેંટની જેમ સંસારમાં ભ્રમણ કરે છે.

૨૭. વિષયોમાં રાગથી રંજિતપણાવડે આત્મામાં બંધાયેલી જે કર્મગ્રંથિ, તેને કૃતાર્થ પુરુષો તપ-સંયમ અને શીલગુણવડે છેદે છે.

૨૮. જેમ રત્નોથી ભરેલો સમુદ્ર શોભે છે, તેમ શીલ સહિત જીવ તપ-વિનય-શીલ – દાનાદિ રત્નોથી શોભતો થકો ઉત્કૃષ્ટ નિર્વાણ પામે છે.

૨૯. શ્વાન, ગર્દભ, ગાય વગેરે પશુ અને મહિલા-તેમનો મોક્ષ થતો દેખાતો નથી; સર્વે જીવોમાં જે ચોથા પુરુષાર્થને સાધે છે તેમનો જ મોક્ષ જોવામાં આવે છે.

૩૦. જો વિષયોમાં લોલૂપ એવા જ્ઞાનવડે મોક્ષ સધાતો હોત તો તે સાત્યકિપુત્ર રુદ્ર-કે જે દશપૂર્વનો જાણનાર હતો તે કેમ નરકે ગયો? (પહેલાં તે મુનિ થઈને દશપૂર્વ ભણ્યો હતો, પણ પછી ભ્રષ્ટ થઈ, વિષયની લોલૂપતાથી નરકમાં ગયો.)

૩૧. જો શીલ વગરના એકલા જ્ઞાનવડે જ બુધજનોએ વિશુદ્ધતા કહી હોય તો, દશપૂર્વના જાણનારનો ભાવ પણ નિર્મળ કેમ ન થયો?

૩૨. જે જીવ વિષયોથી વિરક્ત છે તે, નરકની પ્રચુર વેદનાને દૂર કરીને, ત્યાંથી નીકળીને અર્હત્‌પદ પામે છે-એમ વર્દ્ધમાનજિને કહ્યું છે.

૩૩. આ રીતે, લોકાલોકને જાણનારા પ્રત્યક્ષ જ્ઞાનદર્શી એવા જિનવરોએ, શીલવડે અતીન્દ્રિય મોક્ષપદની પ્રાપ્તિ થવાનું ઘણા પ્રકારે કહ્યું છે.

૩૪. આત્માના સમ્યક્‌ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યરૂપ જે પંચાચાર છે તે પવન સહિત અગ્નિની માફક પુરાતન કર્મોને દગ્ધ કરે છે.

૩૫. વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય, ધીર અને તપ-વિનય-શીલ સહિત એવા પુરુષો અષ્ટકર્મોને અત્યંત દગ્ધ કરીને સિદ્ધ થયા, ને સિદ્ધગતિને પામ્યા.

૩૬. જે શ્રમણનું જન્મવૃક્ષ લાવણ્યશીલવડે કુશળ છે તે શીલસહિત મહાત્માના ગુણોનો વિસ્તાર ભવ્ય જીવોમાં ફેલાય છે.

૩૭. જ્ઞાન–ધ્યાન–યોગ, દર્શનશુદ્ધિ, આત્માધીન વીર્ય, અને સમ્યક્ત્વદર્શન, તેના વડે જિનશાસનમાં બોધિ પમાય છે.

૩૮. જિનવચનનો સાર ગ્રહણ કરીને જેઓ વિષયવિરક્ત થયા છે તથા શીલરૂપ નિર્મળ જળ વડે સ્નાન કરીને શુદ્ધ થયા છે એવા ધીર તપોધન સિદ્ધાલયસુખને પામે છે.

૩૯. જે સર્વ ગુણસંપન્ન છે, કર્મો જેમાં ક્ષીણ છે, સુખદુઃખથી જે રહિત છે, વિશુદ્ધ મનવાળી છે અને જેણે કર્મ રજને દૂર ઉડાડી દીધી છે–એવી આરાધના પ્રસિદ્ધ છે.

૪૦. ઉત્તમ ભક્તિસહિત અને સુવિશુદ્ધ દર્શનરૂપ એવું સમ્યક્ત્વ છે, અને વિષયોથી વિરક્તિરૂપ શીલ છે. આવા સમ્યક્ત્વ અને શીલ સહિત જ્ઞાનને જ જ્ઞાન કહેવામાં આવ્યું છે. તે જ મોક્ષનું કારણ છે.

( આઠમું શીલપ્રાભૃત પૂર્ણ )

[ અષ્ટપ્રાભૃત સમાપ્ત ]

[ અષ્ટપ્રાભૃતના અર્થોની પૂર્ણતા પ્રસંગે કુંદકુંદસ્વામી આદિ વીતરાગી સંતોને ભાવભક્તિથી યાદ કરીને ફરીફરીને વંદન કરીએ છીએ. આ અષ્ટપ્રાભૃત અષ્ટકર્મોને નષ્ટ કરીને અષ્ટ મહાગુણોની પ્રાપ્તિ કરાવો.

–અનુ. બ્ર. હરિલાલ જૈન. )

# ધન્ય છે શ્રી ગુરુ ને

“સ્વભાવ સમ્યગ્જ્ઞાન છે, તેનાથી કોઈ વસ્તુ તન્મયરૂપ નથી.” મરી જાય, સળગી જાય, ગળી જાય, કે બળી જાય ઇત્યાદિ અનેક પ્રકારનાં શુભાશુભ કષ્ટ કરવા છતાં પણ સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સિદ્ધ પરમેષ્ઠિના પ્રત્યક્ષ અનુભવની પરમ અવગાઢતા અને અચલતાનો અખંડ લાભ નહીં થાય. પણ સદ્ગુરુ મહારાજ સહજમાં, વિના પરિશ્રમે, શુભાશુભ કષ્ટ નહિ કરવા છતાં પણ સદાકાળ જ્ઞાનમય જાગતી જ્યોતનો તન્મયી મેળ કરાવી દે છે. ધન્ય છે શ્રી ગુરુને.

( – સમ્યગ્જ્ઞાનદીપિકા )

# 卐 સ્વભાવના મહિમાની મધુરી પ્રસાદી 卐

( સ. ગા. ૩૨૦ નાં પ્રવચનોમાંથી......લેખાંક ત્રીજો )

**આત્માનો શુદ્ધસ્વભાવ કેવો છે? અને તેની કેવી પર્યાય મોક્ષનું સાધન છે? તેનું આ વર્ણન છે. વીતરાગી સંતોના અંતરના અનુભવની આ પ્રસાદી છે. ગુરુદેવ વારંવાર કહે છે કે આ અંતરની અલૌકિક વસ્તુ, માત્ર ધારણાથી સમજાય તેવી નથી, આ તો અંતરના અનુભવથી સમજાય તેવી વસ્તુ છે. 'આત્મા શુદ્ધ છે'-પણ તું અંતર્મુખ થઈને તેની ઉપાસના કરે ત્યારે તને 'શુદ્ધ' ની ખબર પડે. અંક ૩૨૨ તથા ૩૨૩ માં પ્રગટ થયેલા આ લેખના પહેલા બે હપ્તાની જેમ આ છેલ્લો હપ્તો પણ સૌને ગમશે. આ લેખ સર્વે જિજ્ઞાસુઓને માટે વિશેષ ઉપયોગી છે. ( સં. )**

***

શુદ્ધ આત્માનો સ્વભાવ શું છે અને ધર્મીજીવ પોતાના આત્માને કેવો અનુભવે છે તેનું આ વર્ણન છે. 'હું શુદ્ધ છું-શુદ્ધ છું' એવી ધારણાથી કે એવા વિકલ્પથી પર્યાયમાં આનંદ ઝરતો નથી; પર્યાયમાં આનંદ ન ઝરે ત્યાં સુધી જ્ઞાન સાચું નથી. આત્માનો પરમાર્થ સ્વભાવ લક્ષમાં લઈને પર્યાય તેમાં અભેદ થતાં જ પર્યાયમાં પરમ આનંદનાં મોતી ઝરે છે. 'શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે' એમ જ્યાં દ્રષ્ટિમાં લીધું ત્યાં પર્યાયમાં પણ શુદ્ધતા થઈ છે. શુદ્ધદ્રવ્યના આશ્રયે થયેલી સમ્યગ્દર્શનાદિ શુદ્ધપર્યાયો 'આત્મારૂપ' છે એમ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં ( ગાથા. ૨૨, ૩૫, તથા ૩૯ માં ) અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે.–

जीवाजीवादिनां तत्त्वार्थानां सदैव कर्तव्यम्।
श्रद्धानं विपरीताभिनिवेशविविक्तं आत्मरूपं तत्।२२।

એટલે કે જીવ–અજીવાદિ તત્ત્વાર્થોનું વિપરીત–અભિનિવેશરહિત શ્રદ્ધાન સદાય કર્તવ્ય છે, –કે જે શ્રદ્ધાન 'આત્મારૂપ' છે.

ત્યારપછી ગાથા ૩૫ માં સમ્યગ્જ્ઞાન કરવા માટે કહે છે કે–

कर्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु।
संशयविपर्ययानध्यवसायविविक्तं आत्मरूपं तत्।३५।

અર્થાત્, સત્ અનેકાન્તસ્વરૂપ તત્ત્વોમાં સંશય–વિપર્યય–અધ્યવસાયથી રહિત યથાર્થ નિર્ણયરૂપ સમ્યગ્જ્ઞાન કર્તવ્ય છે, આ સમ્યગ્જ્ઞાન 'આત્મારૂપ' છે.

ત્યારપછી ગા. ૩૯ માં સમ્યક્ચારિત્ર સંબંધી કહે છે કે–

चारित्रं भवति यतः समस्त सावद्ययोगपरिहरणात्।
सकलकषायविमुक्तं विशदमुदासीनं आत्मरूपं तत्।३९।

સમસ્ત સાવદ્યયોગના પરિહારવડે, સકલ કષાયથી રહિત નિર્મળ તથા ઉદાસીન એવું ચારિત્ર થાય છે, તે ચારિત્ર 'આત્મરૂપ' છે. સમ્યગ્જ્ઞાનપૂર્વક આવા ચારિત્રનું આરાધન કરવું. આ રીતે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેને આત્મારૂપ કહ્યાં છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહારરત્નત્રયને 'આત્મારૂપ' નથી કહ્યાં, તે તો વિકલ્પરૂપ છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી.

જુઓ, વિકલ્પરૂપ એવા વ્યવહાર દર્શન–જ્ઞાન–ચારિત્રને કર્તવ્ય નથી કહ્યાં, પણ વિકલ્પરહિત 'આત્મારૂપ' એટલે કે આત્માની શુદ્ધપર્યાયરૂપ એવા સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રને સદા કર્તવ્ય કહેલ છે. આ ત્રણેય છે તો પર્યાય, પણ તે રાગથી ભિન્ન થઈને આત્માના સ્વભાવ સાથે અભેદ થયેલી છે. ચિદાનંદસ્વભાવમાં એકાગ્ર થતાં રાગનું કર્તૃત્વ ન રહે ને નિર્મળ પર્યાય પ્રગટે તે ધર્મ છે. તે પર્યાયનો કર્તા આત્મા છે, કાંઈ પર તેનો કર્તા નથી. શુદ્ધદ્રવ્યને દ્રષ્ટિમાં લેતાં 'નિર્મળપર્યાયને કરું' એવો વિકલ્પ તેમાં નથી પણ નિર્મળપર્યાય ત્યાં થઈ જાય છે ખરી; સ્વભાવ તો પહેલેથી હતો, પણ જ્યારે દ્રષ્ટિમાં લીધો ત્યારે તે પ્રગટ થયો એટલે કે 'હું આવો શુદ્ધ છું' એમ પોતાને ખબર પડી. આવા શુદ્ધસ્વભાવના અનુભવપૂર્વક જ સાતતત્ત્વોનું સાચું જ્ઞાન થાય છે; અને ત્યારપછી જ ચારિત્ર હોય છે. આવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સદૈવ કર્તવ્ય છે એમ આચાર્યદેવે કહ્યું.

પ્રશ્નઃ– આત્માને વળી કર્તવ્ય એટલે કે ક્રિયા હોય ?

ઉત્તરઃ– હા, આત્માને ધ્રુવસ્વભાવની અપેક્ષાએ કર્તવ્ય નથી, ધ્રુવભાવ અક્રિય છે, પણ આત્માની પર્યાયમાં તો કર્તવ્ય છે, પર્યાય તો કાર્ય કરે જ છે. ધ્રુવસ્વભાવની

સન્મુખ થયેલી તે શુદ્ધપર્યાય કાંઈ ‘અનાત્મરૂપ’ નથી, તે ‘આત્મરૂપ’ જ છે, આત્મા સાથે તેને તન્મયપણું છે, પર સાથે કે રાગ સાથે તે તન્મય નથી. આવી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયવડે શુદ્ધઆત્માનું ધ્યાન નિરંતર કર્તવ્ય છે. પર્યાયમાં આત્મા અક્રિય નથી પણ સક્રિયપણે પોતાની નિર્મળપર્યાયને કરે છે. ‘કરું’ એવો ભેદ કે વિકલ્પ નથી. આત્માની પર્યાયમાં મોક્ષમાર્ગ અને મોક્ષ બંને છે, પણ તે વ્યવહારનયનો વિષય છે; શુદ્ધનયના વિષયમાં એવા ભેદ ન આવે. શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ શુદ્ધ છે.

છઠ્ઠી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે જ્ઞાયક આત્મા શુદ્ધ છે.–પણ ક્યારે? કે જ્યારે સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે તેને ‘શુદ્ધ’ કહેવાય છે. ધ્રુવસ્વભાવસન્મુખ પર્યાય થઈ ત્યારે નિર્વિકલ્પ થઈ, એટલે ‘પ્રમત્ત છું કે અપ્રમત્ત છું’ એવા કોઈ ભેદનું લક્ષ તેને ન રહ્યું; આ રીતે પર્યાય પોતાના અખંડ સ્વભાવસન્મુખ લીન થઈ ત્યારે તે આત્માને શુદ્ધ કહ્યો. ‘શુદ્ધ’ કહેતાં દ્રવ્યે પણ શુદ્ધ ને પર્યાયે પણ શુદ્ધ,–એવા આત્માને શુદ્ધ કહ્યો; તેણે જ્ઞાયકસ્વભાવની ઉપાસના કરી, તેણે શુદ્ધઆત્માને ઉપાદેય કર્યો.–આ રીતે ‘પર્યાય દ્રવ્યમેં ઘૂસ ગઈ’ એટલે કે અભેદ થઈ ત્યારે તેમાં દ્રવ્ય ઉપાદેય થયું. જેને આવી પર્યાય થઈ તેને જ દ્રવ્યને શુદ્ધ–અક્રિય કહેવાનો હક્ક છે. પર્યાયને આત્મામાં એકાગ્ર કર્યા વગર એકલું શુદ્ધ–શુદ્ધ કહે તે તો વિકલ્પવાળું જ્ઞાન છે,–તે તો શાસ્ત્રના શબ્દોની માત્ર ધારણા છે.

ભાઈ, પર્યાય અને દ્રવ્ય બંને છે...બંનેને જાણો. બંનેને જાણીને દ્રવ્યસ્વભાવ સન્મુખ થવું તે ધ્યાન છે, ધ્યાન તે પર્યાય છે, તે ધ્યાયપર્યાય પણ આત્માની જ છે; કાંઈ બીજાની નથી. આત્મામાં તે પર્યાય તન્મય થઈ ત્યાં તે પર્યાયનું લક્ષ છૂટી ગયું ને અભેદવસ્તુનો અનુભવ રહ્યો. ત્યાં ‘હું ધ્યાન કરું ને આ મારું ધ્યેય’ એવા કોઈ ભેદ નથી, વિકલ્પ નથી. દ્રવ્ય સાથે પર્યાય ભેગી છે પણ જ્ઞાનીને પર્યાયબુદ્ધિ નથી. પર્યાયને દ્રવ્યસન્મુખ કરીને અખંડ દ્રવ્યને પ્રતીતમાં લીધું છે, એટલે પોતાને પૂર્ણ જ દેખે છે.

આત્મામાં જે ત્રિકાળ દ્રવ્યસ્વભાવ છે તે ધ્રુવ છે. તેને નિષ્ક્રિય કહ્યો છે, એટલે કે ધ્રુવ તે ઉત્પાદ–વિનાશરૂપ નથી. મોક્ષમાર્ગ કે બંધમાર્ગની જે પર્યાયો છે તે સક્રિય છે, ઉત્પાદ–વ્યયરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે પણ સક્રિય પરિણામ છે, ધ્રુવમાં બંધ–મોક્ષરૂપ ક્રિયા નથી.

જેને ધર્મ કરવો હોય તેણે તે ધર્મપર્યાયમાં ધ્યેય કરવા યોગ્ય, લક્ષમાં લેવા યોગ્ય આત્મા કેવો છે? તે ઓળખવો જોઈએ. ધ્યાન તે પર્યાય છે, શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. ધ્યાનપર્યાય પોતે ધ્યેયરૂપ નથી; અને ત્રિકાળીધ્રુવ પોતે ધ્યાનપર્યાયરૂપ નથી. છતાં 'આ ધ્યેય છે' એમ નક્કી કર્યું છે ધ્યાનપર્યાય વડે; કાંઈ ધ્રુવ તે નિર્ણય નથી કરતું. ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત સત્ છે; તેમાં ઉત્પાદ–વ્યય પરિણામ નાશવાન છે, તે પર્યાયનું લક્ષ કરનાર જ્ઞાનનો વિષય છે, અને જે ધ્રુવ છે તે દ્રવ્યનયનો વિષય છે, તે અવિનાશી છે. ભાઈ, આ બધા ભાવો તારા આત્મામાં સમાય છે. આ કોઈ બીજાની વાત નથી, પણ તારા આત્મામાં જે બની રહ્યું છે તેની વાત છે.

હે યોગી! એટલે કે પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર થઈને તેમાં ઉપયોગને જોડનાર હે ધર્મી! ભગવાન આત્મા જિનદેવે એવો કહ્યો છે કે જે પરમાર્થે ઉપજતો કે મરતો નથી. શુદ્ધાત્માની અનુભૂતિના અભાવમાં જન્મ–મરણ થાય છે, પણ ધ્રુવચીજ ઉત્પન્ન થતી નથી કે મરતી પણ નથી. શુદ્ધાત્માની અનુભૂતિવડે આવા આત્માને હે યોગી! તમે જાણો! યોગીઓ તો આવા આત્માને જાણે જ છે, પણ તેમને સંબોધીને બીજા જીવોને પણ એવા આત્માનો અનુભવ કરવાનું કહ્યું છે.

'વિકારની ઉત્પત્તિ આત્માના સ્વભાવમાંથી નથી થતી પણ કર્મથી તેની ઉત્પત્તિ થાય છે' –પણ એમ કોણ કહી શકે?–કે જેણે વિકાર વગરના પોતાના શુદ્ધઆત્માના આનંદનો અનુભવ કર્યો છે તે જ જાણે છે કે મારા આ આનંદમાં રાગાદિ વિકારનો અભાવ છે, અને હવે જુદાપણે જે થોડાક રાગાદિ રહ્યા છે તે સ્વભાવથી ઉત્પન્ન થયેલા ન હોવાથી તેને કર્મથી ઉત્પન્ન થયેલા કહી દીધા.–બાકી પર્યાયઅપેક્ષાએ તો તે પણ પોતાનું પરિણમન છે એમ ધર્મીને લક્ષમાં લે. પણ શુદ્ધઆત્માની સન્મુખ થઈને 'હું ચૈતન્ય છું' એવી જે અનુભૂતિ થઈ તેમાં રાગાદિ છે જ નહીં. એટલે તે અનુભૂતિની પર્યાયમાં પણ જન્મ–મરણ કે રાગ–દ્વેષ નથી. જેને 'શુદ્ધ' નો અનુભવ નથી તે અજ્ઞાની શુભાશુભમાં તન્મય થઈને પરિણમે છે, તે તો રાગરૂપે જ પોતાને (–આખા આત્માને) અનુભવે છે. ધર્મી શુભાશુભ પરિણામને પોતાના જ્ઞાનથી અન્ય જ્ઞેયપણે દેખે છે. જેણે સ્વાનુભૂતિવડે આનંદના સાગરનો સ્વાદ નથી લીધો તે જીવ અનુભૂતિના અભાવમાં શુભાશુભકર્મબંધનું તથા જીવન–મરણનું કર્તૃત્વ જ દેખે છે. જો અંતર્મુખ થઈને શુદ્ધઆત્માની અનુભૂતિ કરે તો તેને શુભાશુભના અકર્તારૂપ એવું જ્ઞાનપરિણમન પ્રગટે.

સ્વાનુભૂતિ–પર્યાય પ્રગટ થતાં આત્મામાં શું થયું?–કે નિર્મળ વીતરાગી ધાર્મિક

ક્રિયા થઈ; હવે તે આત્મા શુભાશુભથી ભિન્ન શુદ્ધોપયોગરૂપે પરિણમતો થકો મોક્ષને કરે છે. ચોથાગુણસ્થાને શુદ્ધપરિણતિવડે સ્વાનુભૂતિ થતાં આત્મા નિજઘરમાં આવ્યો...ધ્રુવધામમાં આવીને વિસામો લીધો. તેણે શુદ્ધપારિણામિકભાવને દ્રષ્ટિમાં લઈને તેને જ ઉપાદેય જાણ્યો.

'ઉપાદેય' એટલે શું? તો કહે છે કે–અંતરમાં જેણે નિર્વિકલ્પ અનુભવ કર્યો તેણે પોતાના શુદ્ધાત્માને ઉપાદેય કર્યો 'सिद्धसमान अपना शुद्धात्मा वीतराग निर्विकल्प समाधिमें लीन पुरुषोंको उपादेय है' પોતે અંતર્મુખ ઉપયોગ વડે તેમાં એકાગ્ર થઈને તેને અનુભવમાં લીધો એટલે કે પર્યાયમાં પ્રગટ કર્યો ત્યારે જ તે ઉપાદેય થયો. બાકી એકલી વાત કરે કે આવો આત્મા ઉપાદેય છે–એ તો વિકલ્પની ધારણા છે, તે વિકલ્પવડે કાંઈ આત્મા ઉપાદેય થતો નથી, અનુભવમાં આવતો નથી; તેણે ખરેખર આત્માને ઉપાદેય જાણ્યો જ નથી.

છઠ્ઠી ગાથામાં શિષ્યે પૂછયું: પ્રભો! હું શુદ્ધાત્માનું સ્વરૂપ જાણવા માંગું છું, તો તે શુદ્ધઆત્મા કેવો છે? તે મને બતાવો! ત્યારે આચાર્યદેવ કહે છે કે જે પ્રમત્ત–અપ્રમત્તના ભેદોથી પાર છે, જે શુભાશુભ ભાવોરૂપે પરિણમતો નથી એવો એક જ્ઞાયકભાવ છે તે શુદ્ધ આત્મા છે. પરલક્ષ છોડીને આવા ભગવાન આત્માને ધ્યેય બનાવીને પર્યાય વડે તેનું જે સેવન કરે છે, એટલે કે તેના અનુભવથી પર્યાયમાં જે શુદ્ધતા પ્રગટ કરે છે, તેને તે શુદ્ધતા દ્વારા 'આ દ્રવ્ય શુદ્ધ છે' એમ શુદ્ધઆત્મા પ્રતીતમાં આવે છે; અને તેને જ શુદ્ધ કહીએ છીએ. આ રીતે ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે શુદ્ધ કહેવાય છે. એમ ને એમ શુદ્ધ–શુદ્ધ કહે તેની વાત નથી. પુસ્તક વાંચીને કે સાંભળીને ધારણાથી લોકો વાત કરવા લાગ્યા, પણ અંદર તેનો અર્થ બહુ સૂક્ષ્મ છે. આત્મા પ્રમત્ત કે અપ્રમત્ત નથી, તે એક શુદ્ધ જ્ઞાયક છે,–પણ કોને? 'सबको?' નહીં, ઐસા નહીં હૈ; જેણે પરભાવોથી ભિન્ન થઈને પોતાના શુદ્ધઆત્માને અનુભવમાં લીધો તેને શુદ્ધ કહીએ છીએ.

પ્રશ્નઃ– આપની પાસેથી સાંભળીને આત્મા શુદ્ધ છે એમ ખ્યાલમાં તો આવી ગયું છે?

ઉત્તરઃ– પોતાના અનુભવમાં વેદન થયા વગર ખ્યાલમાં આવ્યું તે સાચું નથી. એકલા પરલક્ષે શુદ્ધઆત્મા ખ્યાલમાં આવે નહીં, તે એકલી ધારણાનો વિષય નથી. –'પણ શુદ્ધ તો ત્રિકાળ છે ને?'–ભલે હો,–પણ પોતાને દ્રષ્ટિમાં આવ્યા વગર 'આ ત્રિકાળ શુદ્ધ છે' એમ નક્કી કોણે કર્યું? 'ત્રિકાળ શુદ્ધ છું' એમ નક્કી

કરનારની દ્રષ્ટિ તો તેમાં ઘૂસી જાય એટલે કે પર્યાયમાં પણ શુદ્ધતા પ્રગટે. પોતાને દ્રષ્ટિમાં તો આવ્યો નથી તો ત્રિકાળ શુદ્ધ કઈ રીતે નક્કી કર્યો?

–આપે કહ્યું માટે માની લીધું!

એ માન્યતા સાચી ન કહેવાય, ખરેખર કહ્યું તે માન્યું નથી. ખરેખર ત્યારે માન્યું કહેવાય કે જ્યારે પોતાના વેદનમાં આવે. જે શુદ્ધનો અનુભવ કરે તેને 'શુદ્ધ' કહ્યો છે. સાંભળીને વાતો કરે પણ પોતે અનુભવ ન કરે તો એને શુદ્ધ નથી કહેતા. અંતરમાં અનુભવ વડે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આત્માની પવિત્રતા જ્યારે પ્રગટી ત્યારે પર્યાય દ્વારા 'હું આખો શુદ્ધ છું' એમ પ્રતીતમાં લ્યે છે; પણ જેને શુદ્ધઆત્મા દ્રષ્ટિમાં આવ્યો નથી, અનુભવમાં આવ્યો નથી તે ' આત્મા શુદ્ધ છે' એવી પ્રતીત ક્યાંથી લાવ્યો? કોઈકે કહ્યું માટે માની લીધું–એને સાચી પ્રતીત કહેવાય નહીં. અંતર્મુખ થઈને પોતાની દ્રષ્ટિમાં આવે ત્યારે સાચું માન્યું કહેવાય. ભૂતાર્થદ્રષ્ટિ વડે જ્યારે શુદ્ધાત્મા અનુભવમાં લીધો ત્યારે નવે તત્ત્વનું સાચું જ્ઞાન થયું. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં નિશ્ચયથી શુદ્ધ આત્માની શ્રદ્ધા છે, આવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, ને તે સમ્યગ્દર્શન આત્મારૂપ છે, આત્માનું સ્વરૂપ છે. ધ્રુવસ્વભાવમાં એકાગ્રતારૂપ જે અનુભવદશા છે તે આત્મારૂપ દશા છે; અને ધ્રુવના લક્ષે આવી પર્યાય પ્રગટ કરવી તે કર્તવ્ય છે.

ધ્રુવ તો ધ્રુવ છે, તેમાં કાંઈ કરવાપણું નથી; પણ 'આ ધ્રુવ છે' એમ લક્ષમાં લઈને પર્યાય તેમાં એકાગ્ર થઈ ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય થાય છે, એટલે તે જીવનું કર્તવ્ય છે. ધ્રુવસ્વભાવને ધ્યેય બનાવીને તેમાં એકાગ્રતા વડે નિર્મળપર્યાય થઈ જાય છે તેને કર્તવ્ય કહ્યું; પણ 'નિર્મળપર્યાય કરું' એવા વિકલ્પ વડે કાંઈ નિર્મળપર્યાય થતી નથી. શુદ્ધદ્રવ્યને નિશ્ચય કહ્યો છે. અને તેના આશ્રયે જે નિર્મળપર્યાય મોક્ષની કે મોક્ષમાર્ગની પ્રગટી તેને વ્યવહાર કહ્યો છે.

પ્રશ્નઃ– ત્રિકાળી ધ્રુવને તો બંધ–મોક્ષ નથી?

ઉત્તરઃ– પણ જ્યાં એવા ત્રિકાળી સ્વભાવને દ્રષ્ટિમાં લઈને પર્યાય તેમાં અભેદ થઈ ત્યાં તે પર્યાયમાં બંધનનો અભાવ થઈને મોક્ષમાર્ગ પ્રગટી ગયો છે.–આવી પર્યાય પ્રગટી ત્યારે ત્રિકાળ સ્વભાવની ખબર પડી, એના વગર ક્યાં ખબર હતી? આ રીતે દ્રવ્યમાં બંધ–મોક્ષ નથી ને પર્યાયમાં બંધ–મોક્ષ છે, તેથી પર્યાયમાં મોક્ષનો ઉદ્યમ છે.–કઈ રીતે? કે પર્યાયને પોતાના સિદ્ધસમાન શુદ્ધઆત્મસ્વભાવમાં એકાગ્ર કરીને નિર્વિકલ્પ વીતરાગી સમાધિ વડે તેને ઉપાદેય કરવો, તે જ મોક્ષનો ઉદ્યમ છે.

'આ ધ્રુવ ઉપાદેય છે, શુદ્ધઆત્મા ઉપાદેય છે'–એવા વિકલ્પો કર્યા કરે તેથી કાંઈ ધ્રુવ ઉપાદેય થઈ જતું નથી, અર્થાત્ વિકલ્પવડે શુદ્ધઆત્મા ઉપાદેય થતો નથી, ઉપાદેયરૂપ શુદ્ધઆત્માનો અનુભવ વિકલ્પ વડે થતો નથી; પણ વિકલ્પોથી જ્ઞાનને જુદું પાડીને, તે જ્ઞાનને ધ્રુવસ્વભાવની સન્મુખ એકાગ્ર કરતાં શુદ્ધઆત્મા વેદનમાં આવે છે; આ રીતે શુદ્ધભાવના વેદન વડે જ ધ્રુવસ્વભાવ ઉપાદેય થાય છે. શુદ્ધતાનો સ્વાદ વેદનમાં આવ્યા વગર શુદ્ધાત્મા ઉપાદેય થાય નહીં. શુદ્ધસ્વરૂપમાં એકાગ્રતારૂપ પરિણમન કરવું તેનું નામ ઉપાદેય છે. આત્માને શુદ્ધ ક્યારે કહ્યો? દ્રવ્યથી તો બધાય શુદ્ધ છે, પણ શુદ્ધદ્રવ્યસન્મુખ થઈને, તેમાં ઉપયોગને એકાગ્ર કરીને, પરભાવોથી ભિન્નપણે જે પરિણમ્યો તેણે શુદ્ધાત્માને ઉપાસ્યો અને તેને જ શુદ્ધ કહીએ છીએ. પર્યાયમાં પોતે શુદ્ધપણે પરિણમ્યા વગર કહે કે 'આત્મા શુદ્ધ છે'–તે તો માત્ર ધારણાથી કહે છે, ખરેખર શુદ્ધની એને ખબર નથી. જો શુદ્ધદ્રવ્યને ઓળખે તો તેના આશ્રયે પર્યાયમાં પણ શુદ્ધતા થયા વગર રહે નહીં. આવો વીતરાગનો માર્ગ છે.

સિદ્ધસમાન પોતાનો આત્મા ઉપાદેય છે–પણ તે ઉપાદેય કઈ રીતે થાય છે? રાગવડે તે ઉપાદેય નથી થતો, રાગથી ભિન્ન પડેલા સ્વસન્મુખ જ્ઞાનમાં જ તે ઉપાદેય થાય છે. રાગની સામે જોઈને તેમાં જ તન્મય રહ્યા કરે અને કહે કે શુદ્ધ આત્મા ઉપાદેય છે,–તો તે યથાર્થ નથી. શુદ્ધઆત્માને ઉપાદેય કરનારની દ્રષ્ટિ અંતરમાં પોતાના સ્વભાવ તરફ વળેલી હોય છે. અને એવી દ્રષ્ટિવાળા જીવને જ 'શુદ્ધ' કહીએ છીએ, બીજાને શુદ્ધ કહેતા નથી. છઠ્ઠી ગાથામાં આ અલૌકિક વાત આચાર્યદેવે સમજાવી છે. સમસ્ત પરદ્રવ્યોનું અને પરભાવોનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લીધો ત્યારે તે આત્મા શુદ્ધપર્યાયરૂપે પરિણમ્યો; તેની પર્યાયમાં શુદ્ધઆત્મા ઉપાદેય થયો. અને તે શુદ્ધપર્યાયમાં રાગનો અભાવ છે, તેથી રાગ હેય થઈ ગયો. આ રીતે શુદ્ધસ્વભાવને આદરણીય કર્યો ત્યારે પર્યાય દ્રવ્યમાં ઘૂસી ગઈ એટલે તે પણ શુદ્ધ થઈ ગઈ. શુદ્ધપર્યાયવડે શુદ્ધદ્રવ્યનો સાચો નિર્ણય થયો.–આમ બંને સાથે જ છે. તેમાં ધ્રુવદ્રવ્ય છે તે પર્યાયરૂપ થતું નથી,–પણ એમ કહેવાનો હક્ક કોને છે?–કે જેની દ્રષ્ટિ ધ્રુવસ્વભાવમાં ગઈ છે, જેની પર્યાયમાં શુદ્ધદ્રવ્યનું ભાન થયું છે તે જ યથાર્થ જાણે છે. બાકી શાસ્ત્રથી સાંભળીને રાગવડે જે ખ્યાલ આવ્યો તે કાંઈ સાચો ખ્યાલ નથી, તે જ્ઞાનમાં સાચો આત્મા આવ્યો નથી. તે તો રાગમાં એકાગ્રતાવાળું જ્ઞાન છે એટલે કે અજ્ઞાન છે, તે પરસત્તાને અવલંબનારું છે, તે સ્વસત્તારૂપ શુદ્ધાત્માની સન્મુખ થયેલું નથી. શુદ્ધાત્માની સન્મુખ થયા વગર તેનું સાચું જ્ઞાન થાય નહીં; ને એકલી પરસન્મુખી ધારણા કરીને વાતું કરે તેમાં આત્માને કાંઈ લાભ થાય નહીં. આ તો

દિગંબર વીતરાગી સંતોએ અનુભવેલું ને કહેલું નગ્ન સત્ય છે, એટલે કે રાગની લાગણી વગરનું પરમ વીતરાગી સત્ય છે. પર્યાયે અંદર વળીને શુદ્ધઆત્માને ઉપાદેય કર્યો તેમાં રાગનો અંશ પણ આવતો નથી; તેમાં રાગ ન આવ્યો એટલે તે હેય થઈ જ ગયો; ત્યાં 'આ રાગને હેય કરું' એમ વિકલ્પ રહેતો નથી. રાગની સામે જોઈને રાગને હેય કરાતો નથી, પણ સ્વભાવની સામે જોતાં રાગ હેય થઈ જાય છે. શુદ્ધાત્માનું ગ્રહણ થતાં રાગનો ત્યાગ થઈ જાય છે, એટલે ગ્રહણપૂર્વકનો ત્યાગ છે. એકલી નાસ્તિ નથી, અસ્તિપૂર્વકની નાસ્તિ છે.

ભાઈ, આ તારા દ્રવ્ય અને પર્યાય બંનેની વાત છે. શુદ્ધ દ્રવ્યનો સ્વીકાર કરતાં શ્રદ્ધા–જ્ઞાનની પર્યાય તેમાં પ્રસરી જાય છે–એકાગ્ર થાય છે. પર્યાય તે પર્યાય છે, ને દ્રવ્ય તે દ્રવ્ય છે,–પણ એમ જાણનારની પર્યાય ક્યાં જાય છે? પર્યાય વળે છે અંતરમાં દ્રવ્ય તરફ; તેમાં અભેદ થઈને પર્યાય શુદ્ધ થાય છે. અંતરમાં આવી વસ્તુને દ્રષ્ટિમાં લેવી તે કરવાનું છે. જે પર્યાય અંતરમાં વળી તે પોતાના શુદ્ધ આત્માને ધ્યેય બનાવીને તેને ધ્યાવે છે. આ પર્યાય છે ને તેના વડે હું દ્રવ્યનું ધ્યાન કરું–એમ ભેદના વિચાર વડે કાંઈ ધ્યાન થતું નથી. પર્યાય અંતરમાં વળીને અભેદ થઈ ત્યાં ધ્યાન થઈ જ ગયું. તે ધ્યાનપર્યાય ઉત્પાદ–વ્યયરૂપ છે, ને ધ્રુવ તો અવિનાશી છે.

ભગવાન આત્માના ધ્રુવસ્વભાવમાં રાગની ઉત્પત્તિ કે વ્યય નથી; મોક્ષનો ઉત્પાદ થવો ને સંસારનો વ્યય થવો તે પણ પર્યાયમાં છે, ધ્રુવદ્રવ્યમાં નથી.–પણ આવા ધ્રુવને નક્કી કરનાર તો પર્યાય છે. 'હું પર્યાય જેટલો નથી' એવા નિર્ણયનું કાર્ય કાંઈ ધ્રુવમાં નથી થતું, તે તો પર્યાયમાં થાય છે. ધ્રુવમાં પર્યાય એકાકાર થઈ તે જાણે છે કે 'હું શુદ્ધ છું, હું ધ્રુવ છું.' દ્રવ્ય તે દ્રવ્ય છે ને પર્યાય તે પર્યાય છે; હવે તેમાં દ્રવ્યને નિશ્ચય કહો ને પર્યાયને વ્યવહાર કહો,–તેમાં દ્રવ્ય તે પર્યાયરૂપ થતું નથી એટલે નિશ્ચય તે વ્યવહારરૂપ થતો નથી; તો પછી રાગાદિરૂપ અસદ્ભુત વ્યવહાર તો ક્યાં રહ્યો? રાગરૂપ વ્યવહાર કરતાં કરતાં તેના વડે નિશ્ચયધર્મ થઈ જાય–એમ કદી બનતું નથી. રાગવડે કદી વીતરાગભાવ ન થાય.

'આમાં તો વ્યવહારને ઉડાડયો?'–ના, 'ઊડી ગયો.' કેમકે નિશ્ચયમાં તો વ્યવહાર છે જ નહીં, એટલે નિશ્ચયદ્રષ્ટિમાં તો વ્યવહારને ઉડાડું–એવું પણ ક્યાં છે? શુદ્ધાત્માની સન્મુખ થયેલી પર્યાયમાં રાગાદિભાવો છે જ નહીં.

ભાઈ, તારો આત્મા આવો 'છે.'–છે ! પણ છે–તેની સન્મુખ થઈને તેં પ્રતીત કરી કે નહીં? અસ્તિસ્વભાવ છે–તેની સન્મુખ થઈને પ્રતીત કરતાં સમ્યક્ત્વ થયું કે

નહીં? દ્રવ્યસન્મુખ થઈને તેને પ્રતીતમાં લેતાં જે સમ્યક્ત્વ થયું તે પર્યાય છે. –મોક્ષમાર્ગમાં તેને કર્તવ્ય કહ્યું છે.

પ્રશ્નઃ– પર્યાયને કર્તવ્ય માનતાં પર્યાયબુદ્ધિ થઈ જશે તો? ઉત્તરઃ–ના; અજ્ઞાનીને તો પર્યાયબુદ્ધિ છે જ; પણ જે જ્ઞાની થયો, ને દ્રવ્યનું જેને ભાન થયું તેના દ્રવ્ય–પર્યાય કેવા છે તેની આ વાત છે. જ્ઞાની પર્યાયને જાણે છે પણ તેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે. પર્યાયને જાણવા માત્રથી કાંઈ પર્યાયબુદ્ધિ થઈ જતી નથી, કેમકે અખંડ દ્રવ્યની દ્રષ્ટિપૂર્વક પર્યાયને પર્યાયરૂપે જાણે છે. जीवो........એમ કહીને બીજી જ ગાથામાં આચાર્યદેવે જીવનું સ્વરૂપ સમજાવ્યું છે, તેમાં દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળપર્યાયમાં સ્થિત જીવને સ્વસમય કહ્યો છે. અહા, દિગંબર સંતોની શૈલીમાં વીતરાગી સત્યની સનાતન ધારા વહે છે.

ભાઈ! આવું સત્ય પામીને તારું કામ તેં કર્યું કે નહીં? એટલે કે પર્યાયને અંતરમાં વાળીને આત્માને જાણ્યો કે નહીં? જિનવરદેવે કહેલા આત્માના સ્વરૂપને તું જાણ. બહારનું લક્ષ ફેરવીને અંદર તારા દ્રવ્ય ઉપર લક્ષ કર. ઉપયોગને સ્વદ્રવ્યમાં એકાગ્ર કર્યો ત્યાં પર્યાય દ્રવ્યમાં પેઠી અથવા અભેદ થઈ એમ કહેવાય છે. અને ત્યાં ચૈતન્યપ્રભુ મહાસાગરમાં આનંદના તરંગ ઊછળ્યા. અહા, ચૈતન્યપ્રભુ અનંતગુણનો મહાસાગર તેનાથી મોટો સત્–સાહેબો દુનિયામાં બીજો કોઈ નથી. અંતર્મુખ થઈને આવા આત્માને જાણવો–ધ્યાવવો તે મોક્ષમાર્ગ છે...તે આ ગાથાનો સાર છે.

–जय चिदानंद.

## મારું જીવન

**હું-આત્મા શરીર વગર રાગ વગર કુટુંબ વગર જીવી શકું છું. તો જેના વગર હું જીવી શકું છું તેનો મોહ શો? તેમાં મમત્વ શેનું?**

**જ્ઞાનવડે હું જીવું છું, જ્ઞાન મારું જીવન છે,-એના વગર હું ક્ષણમાત્ર જીવી ન શકું. માટે જ્ઞાનમાં જ મારું મમત્વ છે, જ્ઞાન જ હું છું.**



# પાંચ પરમેષ્ઠી ક્યાં રહે છે ? મારા આત્મામાં રહે છે.

## હે જીવ ! આરાધના અખંડ કરવી હોય તો શુદ્ધ આત્મામાં ઝંપલાવ

પંચપરમેષ્ઠી ભગવંતોના જેટલા ગુણો છે તે બધાય ગુણો મારા આત્મામાં સમાયેલા છે. પાંચે પરમેષ્ઠીના બધા ગુણોની તાકાત મારા આત્મામાં ભરી છે,–માટે ખરેખર મારે પરનું ધ્યાન કરવાનું નથી પણ સ્વનું ધ્યાન કરવાનું છે. સ્વને ધ્યાવતાં ક્ષાયિક સમ્યક્ત્વાદિ વીતરાગ–નિર્દોષ પર્યાયો પ્રગટે છે, તેમાં જ પાંચે પરમેષ્ઠીપદ સમાઈ જાય છે.–આમ નિર્ણય કરીને હે જીવ ! તારા પરમાર્થ આત્માને જ તારા ધ્યાનનો વિષય બનાવ. પંચપરમેષ્ઠી ભગવંતોના ગુણ તેમનામાં છે ને તેમના જેવા જ મારા ગુણો મારામાં છે–માટે મારો આત્મા જ મને શરણરૂપ છે, તે જ મારું ધ્યેય છે.

બહારમાં પરનું શરણ લેવા જતાં વિકલ્પ જ ઊઠે છે, તેમાંથી પરમેષ્ઠી જેવા ગુણ પ્રગટ થતાં નથી, અંતરમાં પોતાના આત્માને જાણીને તેનું શરણ લેતાં, એટલે કે તેમાં ઉપયોગને એકાગ્ર કરતાં પરમેષ્ઠી જેવા ગુણ પોતામાંથી પ્રગટ થાય છે; આ રીતે મારો આત્મા જ પરમ ઈષ્ટ છે, પાંચે પરમેષ્ઠીપદરૂપ વીતરાગ પર્યાય મારા આત્મામાં જ રહેલ છે;–એમ ધર્મી પોતાના આત્માને જ ધ્યેય બનાવીને તેમાં ઉપયોગને જોડે છે.

પાંચ પરમેષ્ઠીની જેમ ચાર આરાધના પણ આત્મામાં જ રહેલી છે; તેથી પોતાનો આત્મા જ આત્માને શરણ છે. આત્મા પોતે જ પોતાને આરાધનાના આશીર્વાદ આપનારો છે. આત્મા પોતે અંતર્મુખ થઈને પોતાના ઉપર પ્રસન્ન થયો ત્યાં પંચપરમેષ્ઠીની પ્રસન્નતા પણ તેમાં આવી જ ગઈ. તેની પર્યાયમાં જ પંચપરમેષ્ઠી આવી ગયા, ને આરાધના પણ તેમાં જ આવી ગઈ, પોતાના શુદ્ધસ્વરૂપને ધ્યાવતાં પાંચે પરમેષ્ઠીનું ધ્યાન થઈ જાય છે. આત્માના ધ્યાનમાં રત્નત્રય પ્રગટ થતાં તે પર્યાય પોતે જ 'સાધુ' થઈ, કેવળજ્ઞાન થતાં તે પર્યાય પોતે જ અરિહંત અને સિદ્ધ થઈ. પાંચે નિર્મળ પર્યાયો આત્મામાં જ સમાય છે, ક્યાંય બહાર નથી.

દુઃખથી છૂટવા માટે શરણ કોણ ? કે પોતાનો આત્મા, તેને ધ્યાવતાં દુઃખ રહેતું

નથી ને વીતરાગી આનંદ પ્રગટે છે; માટે આત્મા પોતે શરણરૂપ છે, ને પોતે જ મંગળરૂપ છે. બહારમાં પંચપરમેષ્ઠીનું શરણ ઉપચારથી છે; તેના ધ્યાનમાં શુભવિકલ્પ છે. વિકલ્પનું શરણું ધર્મીને નથી. વિકલ્પથી પાર જે ચિદાનંદસ્વરૂપ નિજાત્મા, તે જ આરાધ્ય અને શરણરૂપ છે. તેની આરાધના વડે જ પરમેષ્ઠીપદ પમાય છે. પરમેષ્ઠીપદ તો આત્મામાં સ્થિત છે. બીજા પંચ પરમેષ્ઠી તો દૂર છે; પોતાથી બાહ્ય છે માટે દૂર છે; દૂરનું ધ્યાન હોય કે પોતાના અંતરમાં જે હોય તેનું ધ્યાન હોય ? દૂરનું ધ્યાન કરતાં તો ઉપયોગ બહારમાં ભમે છે, તેમાં કાંઈ વીતરાગતા થતી નથી; અંતરમાં પોતાના ધ્યાન વડે ઉપયોગ સ્થિર થતાં વીતરાગતા થાય છે, ને તેમાં પાંચે પરમેષ્ઠીપદ તેમ જ ચારે આરાધના સમાઈ જાય છે. અહો ! મોક્ષપ્રાભૃતના અંતમંગલમાં આચાર્યદેવે શુદ્ધ આત્મામાં જ ચારે આરાધના સમાડીને, તેના શરણ વડે આરાધના અખંડ કરીને મોક્ષ સાથે સંધિ કરી છે.

ભગવતી–આરાધનામાં અખંડ આરાધનાનો ઉપદેશ આપતાં કહે છે કે–સંસાર–પરિભ્રમણથી જેઓ ભયભીત હોય તેઓ સમ્યક્ત્વાદિની આરાધના વડે સંસાર પરિભ્રમણનો અભાવ કરો. સિદ્ધ ભગવંતો જગપ્રસિદ્ધ છે, તેઓ ચતુર્વિધ આરાધના વડે સિદ્ધપદને પામ્યા છે, તેમને યાદ કરીને આરાધનાનું વર્ણન કર્યું છે. પોતાના હૃદયમાં જે સિદ્ધ પરમેષ્ઠીનો સાક્ષાત્કાર કરે છે તેને શુદ્ધભાવ વડે આરાધના પ્રગટે છે.

આરાધના એટલે શું ? સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર–સમ્યક્તપ તેનું ‘ઉદ્યોતન’ કરવું એટલે કે ઉજ્જવળ કરવું, તેનું ‘ઉદ્યમન’ કરવું એટલે કે તેની પૂર્ણતાનો ઉદ્યમ કરવો; ‘નિર્વહન’ એટલે કે નિરાકુળપણે તેનો નિર્વાહ કરવો; ‘સાધન’ એટલે નિરતિચારપણે તેનું સેવન કરવું; અને ‘નિસ્તરણ’ એટલે કે આયુષ્યના અંત સુધી નિર્વિઘ્ન સેવન કરીને તેને પરલોક સુધી લઈ જવા;–આ રીતે દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપનું ઉદ્યોતન, ઉદ્યમન, નિર્વહન, સાધન અને નિસ્તરણ કરવું તેને જિનવરદેવે આરાધના કહી છે.

આચાર્યદેવ કહે છે કે અહો જીવો ! તમે આવી આરાધનાને આરાધો. જે ઉપાયથી પોતાને દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપની આરાધના પ્રાપ્ત થાય, તથા તેની અધિક વિશુદ્ધિ થાય તે ઉપાયમાં પ્રવર્તવું; આરાધના–ધારક જ્ઞાનીજીવોની સંગતિ કરવી. ઉપસર્ગ –પરીષહ કે વેદના વગેરે આવે તોપણ આરાધનાને આકુળતા વગર ધારણ કરવી; તથા આરાધનાના કારણોમાં પ્રવર્તવું. પોતાના ચિદાનંદસ્વભાવની સન્મુખ

થઈને મોક્ષ સુધી તેની અખંડ આરાધના કરવી.–તેનો ઉપદેશ ભગવતી આરાધનામાં આપ્યો છે.

હે જીવ! તારે તારી આરાધના અખંડ કરવી હોય તો શુદ્ધ આત્મામાં ઝંપલાવ! ચારે આરાધનાનું શરણ પોતાનો આત્મા છે; બહારમાં બીજાના શરણે આરાધના થતી નથી. જેણે પોતાના આત્માનું સ્વરૂપ જાણીને તેનું શરણ લીધું તેને સદાય આરાધના જ છે. સમસ્ત શ્રુતજ્ઞાન છે તે આરાધનાનો જ વિસ્તાર છે, એટલે આરાધના તે જ સર્વશ્રુતનો સાર છે. આવી આરાધના ભગવંતોએ આરાધી તેથી તેને 'ભગવતી' કહેવામાં આવી છે.

卐 [ जय भगवती आराधना ] 卐

# ક્ષણિક તાદાત્મ્ય અને ત્રિકાળ તાદાત્મ્ય

ઇષ્ટોપદેશ આશાધર–ટીકામાં કહ્યું છે કે સિદ્ધપર્યાયની સાથે આત્મા 'કથંચિત્ તાદાત્મ્ય' છે; ત્રિકાળ તાદાત્મ્ય નથી પણ વર્તમાન એક સમયનું તાદાત્મ્ય છે, માટે કથંચિત્–તાદાત્મ્ય કહ્યું છે. જેમ કથંચિત્ તાદાત્મ્ય કહ્યું; તેમ કથંચિત્ ભિન્ન કહ્યું. તે બંનેની સંધિ છે. વીતરાગી શાસ્ત્રોમાં બધા કથન પરસ્પર મેળવાળાં છે. રાગાદિ વિકાર સાથે તો આત્માના જ્ઞાનસ્વભાવને એક સમય પણ તાદાત્મ્યસિદ્ધ સંબંધ નથી; નિર્મળ પર્યાયને આત્મા સાથે એક સમયનું તાદાત્મ્યપણું છે, ને જ્ઞાનાદિ સ્વભાવરૂપ ગુણોને આત્મા સાથે ત્રિકાળ તાદાત્મ્યપણું છે.–આવું વસ્તુસ્વરૂપ દિગંબર સન્તો સિવાય બીજા કોણ સમજાવે? આવું અંતરમાં ભેદજ્ઞાન કરવું તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, આના વિના મોક્ષમાર્ગ હોતો નથી.

# વાંચકો સાથે વાતચીત અને વિવિધ સમાચાર

**∗ પર્યુષણ-પર્વ સમાચાર**

સોનગઢમાં તેમજ સૌરાષ્ટ્રમાં ઠેરઠેર, ગુજરાતમાં ફત્તેપુર વગેરેમાં આનંદ–ઉલ્લાસપૂર્વક દશલક્ષણ પર્યુષણ પર્વ ઉજવાયા હતા. દશે દિવસ દરમિયાન પૂજન, તત્ત્વજ્ઞાનનું વિશેષ વાંચન, મંડલવિધાન, સુગંધદશમીના દિને દશ પૂજનાદિ, જિનેન્દ્રદેવની રથયાત્રા–અભિષેક, વાત્સલ્ય–જમણ અને ક્ષમાપના વગેરેના સમાચારો અનેક ગામથી પ્રાપ્ત થયા છે.

–વિશેષમાં દશલક્ષણી પર્યુષણપર્વ દરમિયાન જામનગરમાં શ્રી ખેતશીભાઈના પુત્રવધુ નિર્મળાબેન ભગવાનજી શાહે, ઘાટકોપરમાં બાલવિભાગના ઉત્સાહી સભ્ય શ્રી નગીનદાસ જગજીવન વીંછીયાવાળાએ, તથા તેમના માતુશ્રીએ વીંછીયામાં, શ્રી મૂળશંકરભાઈ દેસાઈના સુપુત્રી નિર્મલાબેને સોનગઢમાં, અને ફત્તેપુરમાં કેશવલાલ બાલચંદના ધર્મપત્ની શ્રી મંગુબેને,–તે દરેકે દશ–દશ ઉપવાસ કર્યા હતા. તદુપરાંત રત્નત્રયના ત્રણ ઉપવાસ, દશદિવસના એકાસન, સુગંધદશમી વગેરેના ઉપવાસ, અને બીજા પણ વધતા–ઓછા પ્રમાણમાં અનેક ઉપવાસ ઠેર ઠેર મોટા પ્રમાણમાં થયા હતા. પર્યુષણ વખતે પ્રવચન માટે વિદ્વાનની માંગણી અનેક ગામોથી આવે છે–તે અનુસાર સોનગઢ સંસ્થાના પ્રચાર વિભાગ દ્વારા અનેક ગામોમાં પર્યુષણ દરમિયાન પ્રવચનકાર વિદ્વાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને ઠેરઠેરથી ઉત્સાહ ભરેલા સમાચાર આવ્યા છે. દરેક ઠેકાણે જૈનસમાજે મોટી સંખ્યામાં લાભ લઈને પ્રસન્નતા વ્યક્ત કરી હતી, અને નવીન જાગૃતી આવી ગઈ હતી.

ઉદેપુર, ( રાજસ્થાન ), ઈટાવા ( ઉત્તરપ્રદેશ ), મહીદપુર ( મ. પ્ર. ) , કલકત્તા, મલકાપુર, બુલન્દશહેર, મંડીબામોરા, નાગપુર, દિલ્હી–શહાદરા, ભિંડ, ( મૌ–ભિંડ ) વગેરે ગામ તરફથી ઉત્સાહ ભરેલા સમાચાર આવેલ છે; ને હજી ઘણા ગામના સમાચાર બાકી છે. દરેક ઠેકાણે પ્રવચન, પૂજન, તત્ત્વચર્ચા વગેરે ભરચક કાર્યક્રમ રહેતો હતો. ઘણે ઠેકાણે દિગંબર સમાજ ઉપરાંત શ્વેતાંબર સમાજના ભાઈઓ પણ પ્રેમથી લાભ લેતા હતા. ( વિગતવાર સમાચાર જાણવાની ઈચ્છા હોય તેમણે હિંદી આત્મધર્મમાંથી જોઈ લેવા. )

❀ "વાંચકો સાથે વાતચીત" નો આ વિભાગ સર્વે જિજ્ઞાસુઓને પ્રિય છે, ને તેના દ્વારા આપણું સૌનું પરસ્પર મિલન તથા વિચારોની આપ–લે થાય છે. આ વિભાગદ્વારા આપના વિચારો જણાવવા, તત્ત્વને લગતા શંકા સમાધાન કરવા, કોઈ નવીન સમાચારો મોકલવા, તેમ જ કોઈ ઉત્તમ રચનાઓ મોકલવા, અને આ રીતે આ વિભાગમાં સહકાર આપવા સર્વે વાંચકોને સાદર આમંત્રણ છે. આ વિભાગને વધુ ને વધુ સમુદ્ધ બનાવવો તે ઉત્સાહી વાંચકોનું કામ છે.

❀ ઘાટકોપરથી નગીનદાસ જૈન લખે છે કે આત્મધર્મમાં પાર્શ્વનાથ ભગવાનના પૂર્વભવોનું વર્ણન વાંચીને ઘણો આનંદ થયો. પાઠશાળાના બાળકો પાસે તે વાંચતાં બધા બાળકો પણ ખૂબ ખુશી થયા હતા. આવી કથાઓ દ્વારા બાળકોમાં ઉત્તમ સંસ્કાર પડે છે. (પારસનાથ પ્રભુના જીવનચરિત્ર સંબંધી પ્રસન્નતા વ્યક્ત કરતા બીજા પણ અનેક પત્રો આવ્યા છે.)

❀ મોરબીના ઉત્સાહી વિદ્યાર્થીઓએ પર્યુષણ દરમિયાન જીવ–અજીવના ભેદજ્ઞાન સંબંધી સંવાદ (જૈન બાળપોથીમાંથી સો રાજકુમારોની વાર્તાના આધારે) કર્યો હતો; યુવાનોનો ઉત્સાહ દેખીને સૌ ખુશી થયા હતા.

❀ લખતરથી કાન્તિભાઈ લખે છેઃ 'આત્મધર્મ' માટે હંમેશા ઈંતેજારીમાં જ હોઈએ છીએ કે ક્યારે નવો માસ બેસે ને પ્રિય વાંચન મળે! એવો આનંદ થાય છે કે ખરેખર બીજી કોઈ ચીજ જીવનમાં એવો આનંદ આપતી નથી. મુખપૃષ્ઠ ખૂબ જ ગમે છે. ઘરમાં દરેક વ્યક્તિને સમજવું બહુ સુલભ અને સરળ પડે છે.....અને ખરેખર ખૂબ ગમે છે.–ધન્યવાદ!

❀ મહાવીરપ્રભુનો નિર્વાણકલ્યાણક ક્યારે ગણવો?

વીરપ્રભુ પાવાપુરીના ઉદ્યાનમાં આસો વદ ચૌદશની રાતના છેલ્લા ભાગમાં એટલે કે અમાસનો દિવસ ઊગ્યા પહેલાં નિર્વાણ પામ્યા છે. અને તે મુજબ પાવાપુરીમાં નિર્વાણકલ્યાણક દર વર્ષે ઉજવાય છે. (શ્વેતાંબરસમાજ એક દિવસ મોડા એટલે કે અમાસની રાતે ને એકમની સવારે નિર્વાણ માને છે.)

❀ વવાણીયાથી શ્રી પુણ્યવિજયજી મ. લખે છે કે જૈનબાળપોથીનું સંકલન ધર્મસંસ્કારનું સિંચન કરીને બાળકોમાં સદ્ધર્મના સંસ્કાર પાડે તેવું બન્યું છે. તેનો બહોળો પ્રચાર જૈનધર્મને માટે બાળ–મધ્યમ–યુવાન સૌને માટે

ઉપકારક છે. દરેક પાઠશાળામાં ચલાવવા જેવું છે. (જૈનબાળપોથી ભાગ–૧, કિં ૨૫ પૈસા; ભાગ બીજો કિંમત ૪૦ પૈસા.)

"મંગલ તીર્થયાત્રા" ગુજરાતી કિં. રૂા. ૬/–: આ પુસ્તક વાંચીને ખંડવાના શિક્ષકબંધુ શ્રીમંધર જૈન પ્રમોદથી લખે છેઃ મંગલ તીર્થયાત્રા ગ્રંથકો દેખતે હી અતિ હર્ષ હુઆ. પૂજ્ય સ્વામીજીકે સાથ મંગલ તીર્થયાત્રાકે સંસ્મરણ વાસ્તવમેં એક અપૂર્વ હર્ષ કે રૂપમેં ભવિષ્યકી પીઢિકો પ્રેરણા દેતે રહેંગે. યાત્રાકે કુછ પ્રસંગોંકો પઢકર ઐસા અનુભવ હુઆ કિ વાસ્તવમેં હમ સ્વયં ભી યાત્રાકે પ્રસંગોંકે પ્રત્યક્ષદર્શી હોં. પઢતે પઢતે આંખોંસે હર્ષકે અશ્રુ આને લગતે હૈ!–અહો! ઐસે હૈ હમારે તીર્થધામ! (આ પુસ્તકમાં ૪૫૦ જેટલા પાનાં અને ૨૦૦ જેટલાં ચિત્રો છે. ૧૮ રૂા. ની લાગત હોવા છતાં આ પુસ્તકની કિંમત માત્ર ૬ રૂા. છે. હવે થોડી જ નકલ બાકી છે.)

બેંગલોરઃ– અહીંની ભાષા કન્નડ છે; કેટલાક ગુજરાતી મુમુક્ષુ ભાઈઓ પણ વસે છે; તેમની વિનંતિથી રખિયાલવાળા ભાઈશ્રી નેમિચંદભાઈ ત્યાં ગયેલા ને દોઢેક માસ રહ્યા હતા. ત્યાં એક વિદ્વાનને રોકીને પાઠશાળા પણ શરૂ કરેલ છે. કન્નડભાષી ૪૫ બાળકો પાઠશાળામાં ભણવા આવે છે. (ધન્યવાદ!) પાઠશાળામાં શીખવવા માટે જૈનસિદ્ધાંત પ્રવેશીકા, જૈનબાળપોથી અને છહઢાળા કન્નડ ભાષામાં છપાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ઘણા લોકોએ ધાર્મિક–કલાસનો લાભ લીધો હતો ને ખૂબ પ્રસન્ન થયા હતા. અને હવે, સૌરાષ્ટ્ર –ગુજરાત–મહારાષ્ટ્ર તેમજ ઉત્તરપ્રદેશ–મધ્યપ્રદેશની જેમ ભારતના આ દક્ષિણ ભાગમાં પણ અધ્યાત્મની મહાન જાગૃતિ લાવવી જોઈએ–એમ ત્યાંના ઉત્સાહી મુમુક્ષુઓની ભાવના છે. (લીઃ મનુભાઈ પી. જૈન)

ઉજ્જૈનમાં તા. ૧૪–૧૦–૭૦ થી તા. ૨૫–૧૦–૭૦ સુધી જૈનધર્મની શિક્ષણ શિબિર ચાલશે.

તલોદ (ગુજરાત) માં તા. ૨૭–૯–૭૦ થી તા. ૮–૧૦–૭૦ સુધી જૈનધર્મની શિક્ષણશિબિર ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે ચાલી હતી. મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો. તલોદમાં આ ચોથીવાર શિક્ષણશિબિર ચાલી હતી.

ભાઈશ્રી ચંપકલાલ માસ્તર (કચ્છી) જેઓ કેટલોક વખત સોનગઢ રહી ગયેલ છે, ને મુંબઈ દાદરમાં પાઠશાળા ભણાવતા હતા, તેઓ ઘાટકોપર–ઈસ્પિતાલમાંથી

પત્ર લખે છે કે– દરમહિને આત્મધર્મ વાંચી આનંદ થાય છે. આ વખતે અંક મળ્યો ત્યારે, આ ક્ષણભંગુર દેહની પર્યાયમાં અનેરો પરિવર્તન હતો! (–કચ્છી ભાષા છે.) જડ દેહથી ભિન્ન જ્ઞાનપિંડલો એવા આત્માનો જે બોધ ગુરુદેવે આપ્યો છે તેનો વારંવાર વિચાર આવે છે. આ જડ શરીર પારકું દ્રવ્ય છે તે તારું નથી. આત્મધર્મનું ૩૨૨ મું અંક ખૂબ થનગનાટ કરાવી ગયું...તે વાંચતાં રોમ રોમ ખડા થઈ જાય છે. દ્રવ્યમાં સૂક્ષ પર્યાયો જાગૃતી પામે છે...પરાઙ્મુખ ભાવો દુઃખરૂપ લાગે છે ને આનંદધામ આત્મામાં ઝણઝણાટ પ્રગટાવવાનો પુરુષાર્થ કરવાનું અદ્‌ભુત સીગ્નલ (નિશાન) મળે છે. અહો, ગુરુદેવનો અનંત ઉપકાર છે.

❀ ખૈરાગઢ (મધ્યપ્રદેશ) માં જૈન–પાઠશાળા ચાલુ થઈ છે, ને ત્રીસ જેટલા બાળકો ઉત્સાહથી ભણે છે. દૂરદૂરના નાનાં ગામોમાં પણ પાઠશાળા ચાલુ થાય છે–તો સૌરાષ્ટ્ર ક્યારે જાગશે?

❀ ૩૬ વર્ષ પહેલાંની વાત છેઃ રાજકોટના એક ભાઈ જેઓ તે જમાનામાં રાજકોટમાં સ્થા. જૈનશાળાના શિક્ષક હતા, તેઓ હાલમાં કલકત્તાથી લખે છે કે તે વખતે પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં હાજરી આપવાને કારણે મારો ખુલાસો માગવામાં આવ્યો હતો ને મારે શિક્ષકમાંથી રાજીનામું આપવું પડેલ હતું! (ક્યાં એ જમાનો! ને ક્યાં આજની પરિસ્થિતિ!) ગુરુદેવ તો સુવર્ણપુરીમાં બેઠાબેઠા આત્માના રત્નોનો વેપાર કરી રહ્યા છે. આત્મા આ દેહથી જુદો જ છે–તે વાત તો ગુરુદેવે જ બતાવી. (–જે શિક્ષકે પોતે જ દેહથી ભિન્ન આત્માની વાત જાણી ન હતી તે શિક્ષક પાસેથી વિદ્યાર્થીને જૈનધર્મનું સાચું જ્ઞાન ક્યાંથી મળે? અને જે સમાજના શિક્ષક દેહથી ભિન્ન આત્માની વાત સાંભળવા પણ ન જઈ શકે–તે સમાજમાં આત્મિકજ્ઞાનનો પ્રચાર તો ક્યાંથી હોય?) વિશેષમાં તેઓ લખે છે કે ગુરુદેવ તો પંચમકાળનું કલ્પવૃક્ષ છે; તેનો જે લાભ લેશે ને આત્માને ઓળખશે તેણે એકાદ બે ભવ બાદ માતાને પેટે અવતાર નહીં લેવો પડે. માટે જલ્દી ચાલો!–ક્યાં? સોનગઢ! ભલે કોઈ રેતીમાંથી સોનું બનાવે, પણ આ તો જડ દેહથી આત્માને જુદો પાડીને પરમાત્મા બનાવે છે. આવો સુવર્ણ અવસર ચુકશો તો પસ્તાવાનો કોઈ પાર નહીં રહે. અંતરમાં ચૈતન્યનો ભરપૂર ખજાનો છે તેની ચાવી ગુરુદેવ બતાવે છે. એ ચૈતન્ય ખજાનાના દર્શન થતાં તેની પાસે જગતની કોઈ ચીજ કે કોઈ વૈભવ કાંઈ વીસાતમાં નથી. ગુરુદેવનો ઘણો જ અસીમ ઉપકાર છે.

(– શાં. કે. શાહ)

એક જિજ્ઞાસુ ભાઈ લખે છે–

‘હું થોડા વર્ષો થયાં આત્મધર્મ મંગાવું છું, ખૂબ જ વાંચન કરું છું. આવું સાહિત્ય–વાંચન બીજાં એકેય નથી–એટલું બધું વીતરાગી મધુર અને સર્વોત્કૃષ્ટ જ્ઞાનવાળું છે. વર્તમાનકાળે પરમ પૂજ્ય ગુરુદેવનો મહાન ઉપકાર છે.

**એક હરિજન ભાઈ લખે છે કે–**

ભાદરોડ (મહુવા) થી સત્યદેવ જૈન (જેઓ હરિજન છે) લખે છેઃ કહાનગુરુની દયાથી આપણા જૈનધર્મમાં સૌ મુમુક્ષુ મંડળની પાછળ ધીરે ધીરે અમે પણ આવી રહ્યા છીએ, ગુરુદેવની દયાથી એટલું ખાસ નક્કી થયું છે કે જૈનધર્મ સિવાય બીજા કોઈ ધર્મ આવું વસ્તુસ્વરૂપ સમજાવવા સમર્થ નથી. જૈનધર્મનો અનેકાંતમાર્ગ છે, ને બીજાનો એકાંતવાદ છે...અમને ગોત્રકર્મ નીચું બંધાયું એ તો અમારી કચાશથી, પણ અમને ગૌરવ તો એ છે કે ગુરુકહાનની વાણીના યોગથી અમે જૈનધર્મ સ્વીકાર્યો.

વિશેષમાં તેઓ લખે છે કેઃ– અમારા મુમુક્ષુમંડળના ભાણીબેન (હરિજન બેન) ને થોડા દિવસ અગાઉ એક ઝેરી સર્પે ડંશ દીધો...છતાં ખેતરે ગયા, કામ કર્યું, ઝેર ચડયું, એકલા ખેતરથી ચાલીને ઘેર આવ્યા; અને અમારી જ્ઞાતિના બીજા માણસો કહેવા લાગ્યા કે અમુક દાદાની માનતા માનો (–તેમની ફાળકી પહેરો) તો ઝેર ઊતરી જશે. ત્યારે તે બહેને ચોક્‌ખી ના પાડી–કે કુદેવને નહીં જ માનું. જો નિમિત્ત આવી ગયું હશે તો શરીરને રાખવા કોઈ સમર્થ નથી.–માટે એવી માનતા માનવી નથી ને ગળામાં સુતરની આંટી પહેરવી નથી. આ રીતે કુદેવની મિથ્યાત્વ ભાવના જરાપણ નહીં ને જૈનધર્મની અડગતા રાખી–તે બધો પ્રતાપ ગુરુકહાનની વાણીનો છે. સર્પ કરડવા વખતેય હું આત્મા છું–જાણનાર છું એમ યાદ કરતા હતા. તે બહેન અત્યારે ક્ષેમકુશળ છે.

[આપણા જૈનસમાજમાં પણ કુદેવને માની રહેલા ભાઈઓ–બાઈઓ આ હરિજન બેનનો દાખલો જોઈને જાગશે ખરા? સૌ જાગે અને જૈનધર્મ સિવાય બીજા કોઈપણ કુદેવની માન્યતા પ્રાણાંતે પણ ન કરે–તે માટે આ પ્રસંગ અહીં રજા કર્યો છે.]

ઝરીઆમાં જૈનપાઠશાળામાં જે. કે. કોઠારી તરફથી જૈનબાળપોથી વહેંચવામાં આવી હતી. આ પ્રસંગે તેઓ લખે છે કે–જૈનબાળપોથી વાંચીને આનંદ થયો. જૈન–

પાઠશાળાના બાળકોને માટે ખાસ ઉપયોગી છે, તેથી તેમાં વહેંચવાનો વિચાર છે, માટે પચાસ મોકલશો...

> सन् १९७१ की जनगणना के समय '**धर्म**' के
> खाना नं० १० में गौत्र, जाति आदि ना लिखा
> कर केवल "**जैन**" ही लिखाकर सही संख्या
> इकट्ठी करने में सरकार की मदद करें।

હમ હૈ જૈન.....જૈન....જૈન......લખાવો.....જૈન.....જૈન.....જૈન

ઇ. સ. ૧૯૭૧ (ફેબ્રુઆરી) ના વસ્તીપત્રકમાં "જૈન" લખાવો...અને ગામડે–ગામડે ઘરેઘરે એ સંદેહ પહોંચાડો કે વસ્તીગણતરી વખતે દશમા ખાનામાં 'તમારો ધર્મ ક્યો?' "જૈન" એમ લખાવે. આપણે જૈન હોવા છતાં, સરકારી નોંધમાં આપણી ગણતરી બીજામાં થઈ જાય–તે કોઈ પ્રકારે યોગ્ય નથી...માટે જૈનો જાગો...ને જૈન લખાવો.–

કૌનસા ધર્મ હમારા હૈ?.....જૈન.....જૈન.....જૈન.
આત્મિકધર્મ હમારા હૈ......જૈન.....જૈન.....જૈન.
જિનવરદેવના ભક્ત અમે.....જૈન....જૈન....જૈન.
ભારતમાં છે એક કરોડ!.....જૈન.....જૈન.....જૈન.
વસ્તીપત્રકમાં શું લખાવશો?....જૈન....જૈન...જૈન.

–પરંતુ, સાવધાન! માત્ર જૈન લખાવીને સંતુષ્ટ ન થઈ જશો. જૈનત્વને શોભે એવા ઉત્તમ વિચાર ને ઉત્તમ આચાર પણ ઘરઘરમાં પ્રસરે તે વધુ જરૂરી છે. સરકારી ચોપડે કદાચ જૈન ન નોંધાયું હોય પણ જો ઉત્તમ આચાર–વિચારથી જૈનત્વને શોભે એવું આપણું જીવન છે તો તેનો આપણને લાભ જ છે. આપણે સરકારી કાગળમાં નહીં પણ આપણા આત્મામાં જૈન બનવાનું છે. અંદરોઅંદરના ક્લેશ છોડીને, વીતરાગતાપ્રેરક વિચારો અને આચારોને ઓળખીને તેનું પાલન કરવાનું છે...ઘરઘરમાં તેનો પ્રચાર કરવાનો છે.

## મહાવીર-જયંતિની રજા ભારતસરકારે મંજુર કરી

ભારતના ભગવાન અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના જન્મ–કલ્યાણકનો દિવસ ચૈત્ર સુદ તેરસ; તે દિવસે ગુજરાત–રાજસ્થાન–બિહાર–મહારાષ્ટ્ર વગેરે અનેક રાજ્યોમાં તો રજા પડતી હતી; પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા તે દિવસ જાહેર રજાના દિવસ તરીકે અત્યારસુધી મંજુર થયો ન હતો, તે હાલમાં જૈનસમાજની જાગૃતીને કારણે મંજુર થયેલ છે. જૈનસમાજ મતભેદોને એકકોર મુકીને પરસ્પર પ્રેમ અને સહકાર પૂર્વક ઉત્થાન કરે અને ભગવાનની મુક્તિના અઢીહજારમા મહોત્સવને આનંદથી ઉજવે તેમાં જ વીરશાસનની શોભા છે.

## ‘અમે વીરતણાં સન્તાન’ : આપણે પણ ઉજવશું ઉત્સવ મહાન

આત્મધર્મ ના બાલવિભાગના અઢી હજાર જેટલા સભ્યો પણ વીરપ્રભુના નિર્વાણની અઢી હજારમી (૨૫૦૦ મી) જયંતિ વિશેષ પ્રકારે ઉજવવા અને તેમાં સહકાર આપવા માટે થનગની રહ્યા છે.–બંધુઓ! થોડા જ વખતમાં આપણે કોઈ સુંદર યોજના વિચારીશું કે જેમાં જૈન સમાજનો હરેક બચ્ચો આનંદ ઉલ્લાસથી ભાગ લેશે ને વીરમાર્ગના ઉત્તમ સંસ્કારો મેળવશે... આપ ઉત્સાહપૂર્વક રાહ જુઓ.

**‘અમે જિનવરનાં સંતાન’** (નવા સભ્યોનાં નામ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫૮૬ | હર્ષિતકુમાર નવનીતલાલ જૈન | કલોલ | ૨૬૦૦ | નિર્મળાબેન જૈન | खरगपुर |
| ૨૫૮૭ | સોનલબાળા નવનીતલાલ જૈન | કલોલ | ૨૬૦૧ | મિલનકુમાર ચિનુલાલ જૈન | મહેતાપુરા |
| ૨૫૮૮A | મીતાબેન ધીરજલાલ જૈન | ભાવનગર | ૨૬૦૨ | અજયકુમાર રતિલાલ જૈન | રાજકોટ |
| ૨૫૮૮B | નીતાબેન ધીરજલાલ જૈન | ભાવનગર | ૨૬૦૩ | પરેશકુમાર દેવેન્દ્રબાબુ જૈન | સાણોદા |
| ૨૫૮૯ | અતુલકુમાર મનસુખલાલ જૈન | ભાવનગર | ૨૬૦૪ | દિપકકુમાર દેવેન્દ્રબાબુ જૈન | સાણોદા |
| ૨૫૯૦ | નીશાબેન મનસુખલાલ જૈન | ભાવનગર | ૨૬૦૫ | મીનાકુમારી રમણીકલાલ જૈન | ધોળકા |
| ૨૫૯૧ | નીતીનકુમાર કિશોરકાંત જૈન | મુંબઈ | ૨૬૦૬ | રીટાકુમારી રમણીકલાલ જૈન | ધોળકા |
| ૨૫૯૨ | શીલ્પાબેન કિશોરકાંત જૈન | મુંબઈ | ૨૬૦૭ | સંજયકુમાર ચંપકલાલ જૈન | મુંબઈ–૬૭ |
| ૨૫૯૩ | સૌરભકુમાર કિશોરકાંત જૈન | મુંબઈ | ૨૬૦૮ | ભરતકુમાર ચંપકલાલ જૈન | મુંબઈ–૬૭ |
| ૨૫૯૪ | મનોજકુમાર કનૈયાલાલ જૈન | ભાવનગર | ૨૬૦૯ | અલયકુમાર નવીનભાઈ જૈન | મુંબઈ–૨૨ |
| ૨૫૯૫ | અજયકુમાર કનૈયાલાલ જૈન | ભાવનગર | ૨૬૧૦ | દિવ્યાંગકુમાર નવીનભાઈ જૈન | મુંબઈ–૨૨ |
| ૨૫૯૬ | જયેશકુમાર રસીકલાલ જૈન | નંદરબાર | ૨૬૧૧ | રૂપાબેન ચંદુલાલ જૈન | અમદાવાદ |
| ૨૫૯૭ | નરેન્દ્રકુમાર વનેચંદ જૈન | મોરબી | ૨૬૧૨ | જીગીશકુમાર જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૫૯૮ | ભરતકુમાર વનેચંદ જૈન | મોરબી | ૨૬૧૩ | પ્રીતિબેન કાન્તિલાલ જૈન | લખતર |
| ૨૫૯૯ | શ્રેયાંસકુમાર હિંમતલાલ જૈન | મુંબઈ | ૨૬૧૪ | અશ્વીનકુમાર કનૈયાલાલ જૈન | દાહોદ |

# હે જીવ ! તારી પર્યાયમાં તારા સ્વદ્રવ્યને અનન્ય જાણ.

**( એકલી પર્યાયને ન જો; પર્યાયથી અનન્ય એવા સ્વદ્રવ્યને દેખ )**

( સ. ગા. ૩૦૮ થી ૩૧૧ નાં પ્રવચનમાંથીઃ અંક ૩૨૧ થી ચાલુ )

જીવ કે અજીવ જે દ્રવ્ય, પોતાની જે–જે પર્યાયરૂપે ઉપજે છે તે–તે પર્યાય સાથે તેને અનન્યપણું છે. એટલે જીવની પર્યાયોને પોતાના જ્ઞાનસ્વભાવ સાથે એકતા છે.–આમ પોતાના સર્વજ્ઞસ્વભાવની સાથે પર્યાયની એકતાનો જ્યાં નિર્ણય કર્યો ત્યાં સર્વજ્ઞસ્વભાવથી વિરુધ્ધ એવા રાગાદિ સાથે જ્ઞાનપર્યાયની એકતા ન રહી. રાગ સાથેની એકતા તુટી ને જ્ઞાન સાથે એકતા થઈ, એનું નામ ભેદજ્ઞાન...ને એ મોક્ષનો માર્ગ. આ સંબંધી પ્રવચનનો એક ભાગ આત્મધર્મ અંક ૩૨૧ માં આપે વાંચ્યો, બાકીનો ભાગ અહીં વાંચો.

જીવનમાં જે મુખ્ય કરવા જેવું છે તેની આ વાત છે. ભાઈ, તારા સ્વભાવની અપૂર્વ સમજણ કરવાની આ વાત છે. જીવ જ્ઞાયકસ્વભાવ છે; તે પોતાના જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધજ્ઞાનપણે ઊપજ્યો ને તે પરિણામમાં અભેદ થયો, તે જ ખરેખર જીવ છે. રાગમાં અભેદ થઈને જે ઉપજે તેને ખરેખર જીવ કહેતા નથી, તે તો આસ્રવતત્ત્વ છે. જ્ઞાનીના પરિણમનમાં રાગની મુખ્યતા નથી, તેને તો જ્ઞાયકની એકની જ મુખ્યતા છે, રાગને તો ભેદજ્ઞાનવડે પરજ્ઞેય બનાવ્યું છે.

પ્રભુ ! તારો આત્મા જ્ઞાયક છે. ‘જ્ઞાયક’ ઉપજીને તો જ્ઞાનભાવને રચે કે રાગને રચે ! સોનું પોતે ઉપજીને સોનાની અવસ્થાને રચે, પણ સોનું કાંઈ લોઢાની અવસ્થાને ન રચે, તેમ આત્મા જ્ઞાયકભાવરૂપી સોનું છે તે જ્ઞાનને જ રચનાર છે, તેના આધારે સમ્યગ્દર્શનાદિ જ્ઞાનમય ભાવો જ થાય છે, પણ તેના આધારે રાગ થતો નથી, ‘જ્ઞાન’ માં તન્મય થયેલો રાગમાં પણ તન્મય કેમ થાય ? ન જ થાય, કેમકે જ્ઞાન ને રાગ એકબીજાથી વિરુધ્ધ છે. માટે જ્ઞાની જ્ઞાનમાં જ તન્મય થઈને જ્ઞાનને જ કરે છે, પણ રાગને કરતો નથી, રાગમાં તન્મય થતો નથી. અહો ! આવું કરે તો આત્માની ખરી કિંમત ભાસે.

આત્માનો અકર્તાસ્વભાવ બતાવીને પછી (ગા. ૩૧૨–૩૧૩ માં) કહેશે કે જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિમાં સમકિતીને સંસાર જ નથી; જેની દ્રષ્ટિ કર્મ ઉપર જ છે એવા મિથ્યાદ્રષ્ટિને જ સંસાર છે. સમકિતી તો જ્ઞાનાનંદસ્વભાવની દ્રષ્ટિથી પોતાના શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ હોવાથી ખરેખર મુક્ત જ છે,–'शुद्धस्वभावनियतः स हि मुक्त एव।' (જુઓ કળશ ૧૯૮)

જ્ઞાનીને જ્ઞાયકસ્વભાવ સાથે સંધિ થઈ છે અર્થાત્ પર્યાય જ્ઞાયકસ્વભાવ તરફ વળી ગઈ છે એટલે કર્મ સાથેની સંધિ તેને તૂટી ગઈ છે, તેને કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિકપણું નથી. એટલે સંસાર જ નથી. જેને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી એવા મિથ્યાદ્રષ્ટિને જ કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિકભાવથી સંસાર છે. અહો, અંતર્મુખ જ્ઞાયકસ્વભાવરૂપ પરિણમ્યો તેમાં સંસાર કેવો?

જાુઓ, આ સીધી–સાદી છતાં મૂળભૂત વાત છે કે દરેક દ્રવ્ય જીવ કે અજીવ સૌ પોતપોતાની ક્રમબદ્ધ પર્યાયપણે ઊપજે છે, બીજો કોઈ તેને ઉપજાવતો નથી. પોતાની પર્યાયમાં અનન્યપણે વર્તતું દ્રવ્ય જ તેને કરે છે; બીજો તેમાં તન્મય થતો નથી તો બીજો તેમાં શું કરે? મારી પર્યાયમાં કોણ તન્મય છે?–કે મારું સર્વજ્ઞસ્વભાવી જીવદ્રવ્ય જ મારી પર્યાયમાં તન્મય છે. આવો નિર્ણય થતાં અંદરમાં જ્ઞાન અને રાગનું પરિણમન જુદું પડી જાય છે એટલે કે અપૂર્વ ભેદજ્ઞાન થાય છે. 'જ્ઞાન અને રાગ જુદા છે'–એમ કહે પણ અંતરમાં આવું ભેદજ્ઞાન થયા વગર જ્ઞાન અને રાગને ખરેખર જુદા જાણ્યા કહેવાય નહીં. આ તો અંતરમાં ઊતરવાના કોઈ અલૌકિક રસ્તા છે.

ધર્મીજીવ રાગના કર્તાપણે નથી ઊપજતો.–તો શું તે કૂટસ્થ છે?–ના; તે પોતાના જ્ઞાનભાવપણે ઉપજે છે. 'જીવ ઊપજે છે' એટલે કે દ્રવ્ય પોતે પરિણમતું થકું પોતાની પર્યાયને દ્રવે છે, તે ક્રમબદ્ધ–પર્યાયરૂપે પરિણમે છે. તે કૂટસ્થ નથી તેમ બીજો તેનો પરિણમાવનાર નથી. માટે હે જ્ઞાયકચિદાનંદ પ્રભુ! સ્વસન્મુખ થઈને સમયે સમયે જ્ઞાતાભાવપણે ઊપજવું તે તારું સ્વરૂપ છે; આવા તારા જ્ઞાયકતત્ત્વને લક્ષમાં લે.

અજ્ઞાની પોતાના જ્ઞાયકતત્ત્વને ભૂલીને, કર્મ તરફના ભાવોમાં જ અનન્યપણું માનીને સંસારપણે ઊપજે છે; જ્ઞાની તો પોતાના જ્ઞાયક ભાવમાં જ અનન્યરૂપે ઊપજતો થકો કર્મને અનુસરતો નથી, જ્ઞાયકને જ અનુસરે છે, જ્ઞાયક સ્વભાવમાં એકતા કરીને કર્મ સાથેનો નિમિત્તસંબંધ તેણે તોડી નાખ્યો છે એટલે તે સંસારપણે ઊપજતો નથી,

તેથી તે મુક્ત જ છે–એમ કહેવામાં આવ્યું છે. સ્વદ્રવ્યના સ્વભાવને લક્ષમાં લઈને સમજે તેને જ આ સમજાય તેવું છે. અહા, જેમ ભગવાન એકલા જ્ઞાયકભાવપણે જ પરિણમે છે તેમ સાધકજ્ઞાની પણ પોતાના જ્ઞાયકસ્વભાવના અવલંબને જ્ઞાનભાવમાં જ તન્મયપણે પરિણમે છે; તેમાં રાગનું કર્તૃત્વ જરાય નથી.

જુઓ, આ જીવની પ્રભુતા! પ્રભુ! તારી પ્રભુતા તારા જ્ઞાયક–સ્વભાવના અવલંબનમાં છે, અજીવના અવલંબનમાં તારી પ્રભુતા નથી, તેમાં તો તારી પરાધીનતા છે. રાગ પરિણામમાંય તારી પ્રભુતા નથી, તારા જ્ઞાયકભાવના પરિણમનમાં જ તારી પ્રભુતા છે. પર્યાયે–પર્યાયે અખંડ પ્રભુતા વર્તી રહી છે તેને તું દેખ ?–કેમકે દરેક પર્યાયમાં સ્વદ્રવ્ય જ તન્મયપણે વર્તી રહ્યું છે. એક્કેય પર્યાય સ્વદ્રવ્યને છોડીને થતી નથી. આમ ધર્મી સ્વદ્રવ્યની સન્મુખતાથી નિર્મળ જ્ઞાનને જ કરે છે. જ્ઞાન કહેતાં સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્ર બધી નિર્મળપર્યાયો સમજવી.

હે ભાઈ! એકવાર તું સ્વભાવસન્મુખ થા, ને જ્ઞાયકસ્વભાવને પ્રતીતમાં લઈને તારા શ્રદ્ધા–જ્ઞાનને સાચા બનાવ. ઉપયોગને અંતરમાં વાળીને ‘હું જ્ઞાયક છું’ એવું જ્યાંસુધી વેદન ન થાય ત્યાંસુધી સમ્યગ્દર્શન થાય નહિ ને ઊંધી માન્યતા મટે નહીં. જ્ઞાનને અંતરમાં વાળીને આત્મામાં એકાગ્ર કર્યું ત્યાં તે જ્ઞાનપર્યાય રાગથી જુદી પરિણમી, તેમાં મોક્ષમાર્ગ આવી ગયો; ને જૈનશાસનનો સાર તેમાં સમાઈ ગયો.

****************************

- પર્યાયને સ્વદ્રવ્ય સાથે તન્મયતા થતાં તે પર્યાયમાં નિર્મળ જ્ઞાન ને આનંદ થાય પણ રાગ–દ્વેષ ન થાય. કેમકે આત્માના સ્વભાવમાં રાગ–દ્વેષ નથી.
- પરચીજમાં આત્માના ગુણ નથી એટલે પરચીજ આત્માને ગુણ આપતી નથી, માટે પરચીજ ઉપર એકત્વબુદ્ધિથી રાગ ધર્મીને થતો નથી.
- રાગ તે કાંઈ જીવનો જ્ઞાનભાવ નથી. જ્ઞાનભાવ તે જ જીવ છે, તેમાં રાગ નથી; રાગ તે અજ્ઞાનમય ભાવ છે, તે જ્ઞાનમય નથી.
- ધર્મીની દૃષ્ટિ જ્ઞાનમય આત્મામાં છે તેથી તેની પર્યાયો પણ જ્ઞાનમય જ છે; એટલે તે ‘ધર્મીના દ્રવ્યમાં—ગુણમાં કે પર્યાયમાં’ ક્યાંય રાગ નથી.
- બહારમાં પરદ્રવ્યમાં ફાં–ફાં મારવાનું છોડ અને સીધો તારા જ્ઞાનસ્વભાવમાં ઘૂસીને તેને અનુભવમાં લે,–એ સિવાય ક્યાંય આરો આવે તેમ નથી.

# વૈરાગ્ય સમાચાર-

* લાઠી નિવાસી જયંતિલાલ મણિલાલ ભાયાણીના પુત્રી જ્યોત્સના શરદચંદ્ર અદાણી ભાદરવા સુદ ૧૪ નારોજ ૩૨ વર્ષની વયે સ્વર્ગવાસ પામેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા, ને છેવટ સુધી દેવ-ગુરુ-ધર્મનું સ્મરણ કર્યું હતું.

* ઉમરાળાવાળા ધનલક્ષ્મીબેનના માસીબા અનુપબેન ભાવનગર મુકામે તા. ૧૭-૯-૭૦ ના રોજ ૯૭ વર્ષની વયે સ્વર્ગવાસ પામેલ છે.

* વાંકાનેરવાળા શેઠશ્રી વનેચંદભાઈના ધર્મપત્ની શ્રી દીવાળીબેન તા. ૨૩-૯-૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. એક કલાક પહેલાં મુમુક્ષુ મંડળના ભાઈ-બહેનો તેમનાખબર કાઢવા ગયેલા ને ધર્મશ્રવણ કરાવેલું, તે તેમણે ઉત્સાહથી સાંભળ્યું હતું. તેઓ ભદ્રિક અને ઉત્સાહી હતા. તેમને તથા વનેચંદભાઈ શેઠને ગુરુદેવ પ્રત્યે ખૂબ ભક્તિભાવ હતો. વાંકાનેરમાં દિ. જિનમંદિર થયા પહેલાં મુમુક્ષુ મંડળનું વાંચન તેમની મેડી ઉપર થતું હતું.

* તા. ૧૬-૭-૭૦ ના રોજ નાઈરોબી મુમુક્ષુ મંડળના ભાઈશ્રી લાલજી નથુભાઈના યુવાન પુત્ર વિપિનકુમાર ૧૭ વર્ષની વયે મોમ્બાસા મુકામે મોટર અકસ્માતમાં સ્વર્ગવાસ પામી ગયા. હજી તો ગત વર્ષે મેટ્રિકની પરીક્ષામાં તેઓ ફર્સ્ટ ગ્રેઈડમાં પાસ થયા હતા, અને આગળ ભણવાની તૈયારી હતી પણ ત્યાં તો આમ બની ગયું. માટે જ જ્ઞાનીઓ વારંવાર કહે છે કે ભાઈ ! તું ચૈતન્યવિદ્યાનાં વીતરાગી ભણતર ભણ...બહારની આ વિદ્યાઓ તને જરાય શરણરૂપ નથી.

* રાજકોટ (હાલ સોનગઢ) ના ભાઈશ્રી મગનલાલ સુંદરજીના પુત્ર શ્રી વજુભાઈ (તરૂણ સીલ્ક મીલ્સવાળા) ના ધર્મપત્ની શ્રી પુષ્પાબેન ૪૫ વર્ષની વયે તા. ૨૯-૯-૭૦ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા, અવારનવાર ગુરુદેવનો લાભ લેતા હતા; છેલ્લા કેટલાક વખતથી તેમને કેન્સરની બિમારી હતી.

* દામનગરના ભાઈશ્રી રતિલાલ કાળીદાસના ધર્મપત્ની અજવાળીબેન તા. ૨-૧૦-૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. અવારનવાર તેઓ સોનગઢ આવતા હતા, અને અંત સમય સુધી ધર્મશ્રવણ કરતાં કરતાં દેવ-ગુરુના સ્મરણપૂર્વક તેમણે દેહ છોડયો હતો.

* વઢવાણ શહેરના ભાઈશ્રી ગાંડાલાલ કેશવજી તા. ૨૩-૯-૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તથા અષાઢ સુદ સાતમના રોજ કલકત્તા મુકામે કાશીબેન નરભેરામ દફતરી (તે કનૈયાલાલ નરભેરામના માતુશ્રી) ૭૨ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે.

-આ ક્ષણભંગુર સંસારમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મ જ શરણરૂપ છે. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ-ગુરુ-ધર્મની ઉપાસનાવડે આત્મહિતને પામો.

## સોનગઢના એક બ્રહ્મચારી બહેનનો સ્વર્ગવાસ-



સોનગઢના બ્રહ્મચારી બેન રમાબેન રામજીભાઈ કોઠારી આસો સુદ પાંચમના રોજ ત્રીસ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા. તેઓ મૂળ માળીયા (હાટીના) ના રહીશ હતા, ને તપસીજીના ભત્રીજી થાય. નાની ઉંમરથી તેઓ સોનગઢ રહેતા હતા. ગુરુદેવ સાથેના યાત્રાસંઘમાં દરેક વખતે સાથે રહીને બધા તીર્થોની યાત્રા તેમણે કરી હતી; સં. ૨૦૧૫ માં તેમણે ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી હતી, ને તેઓ સોનગઢ-બ્રહ્મચર્યાશ્રમમાં રહેતા હતા. અનેક વર્ષોથી સંતોની છાયામાં તેમણે જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારો મેળવ્યા હતા. છેલ્લા દિવસોમાં તેઓ 'ભગવતી આરાધના' વાંચતા હતા, ને તેમાં સમાધિમરણનું વર્ણન વાંચીને તેની ભાવના કરતા હતા. 'ભગવતી આરાધના વાંચતાં વાંચતાં સમાધિમરણ થાય છે' એવું સ્વપ્નું પણ તેમને અગાઉ આવેલું.

આસો સુદ ચોથની સવારમાં કીડનીના વિશેષ દર્દથી તેમને બેશુદ્ધી થઈ ગઈ હતી; તે વખતે પૂ. ગુરુદેવ પણ ત્યાં પધાર્યા હતા. દરદની ગંભીરતા જણાતાં તેમને ભાવનગર-ઈસ્પિતાલમાં લઈ જવાયા હતા. પાંચમની સવારમાં તેઓ શુદ્ધીમાં આવી ગયા હતા, ને સાથેના બ્રહ્મચારી બહેનો સાથે ધર્મની વાતચીત પણ કરી હતી. ગુરુદેવનું પ્રવચન સાંભળવાની, તેમ જ પૂ. ધર્મમાતાઓનું વાંચન સાંભળવાની ભાવના કરી હતી. તેમની તબીયત ગંભીર જણાતાં બ્રહ્મચારીબેનોએ ઠેઠ સુધી ઉત્તમ ધર્મશ્રવણ કરાવ્યું હતું. તે સાંભળતાં-સાંભળતાં રમાબેન સ્વર્ગવાસ પામી ગયા હતા.

તેમના અંતિમ સંસ્કાર સોનગઢમાં કરવામાં આવ્યા હતા. ખૂબ જ કરુણ અને વૈરાગ્યગંભીર વાતાવરણ વચ્ચે, આશ્રમના બહેનોએ આંસુભીની આંખે પોતાની સાધર્મી બેનને અંતિમ વિદાય આપી હતી.

બ્ર. રમાબેન સરલ અને ભદ્રિક હતા; અનેક વર્ષ સુધી ગુરુદેવના ઉપદેશનું તેમણે શ્રવણ કર્યું હતું, તેમજ ધર્મમાતા પૂ. બેનશ્રી-બેનની મંગલ છત્રછાયામાં રહીને જ્ઞાન-વૈરાગ્યના ઉત્તમ સંસ્કારો મેળવ્યા હતા. તે સંસ્કારના બળે આગળ વધીને તેમનો આત્મા પોતાની આત્મહિતની ભાવનાઓ પૂરી કરે-એવી ભાવના છે.

(આપ જ્યારે આ વૈરાગ્ય સમાચાર વાંચો ત્યારે દરેક વાંચક, આપણી આ સ્વર્ગસ્થ બ્રહ્મચારી બહેન પ્રત્યે અંજલિરૂપે નવ નમોક્કારમંત્રનો જાપ કરજો.)

-બ્ર. હ. જૈન.

# આત્મ ધર્મ

**( ૨૭મું વર્ષ પૂરું થાય છે )**

બંધુઓ, દુનિયામાં સર્વોત્કૃષ્ટ નિધાન વીતરાગી દેવ–ગુરુ–ધર્મ છે; આપણા પરમ ભાગ્યથી એ ઉત્કૃષ્ટ નિધાન આજે આપણને મળ્યા છે. તો એ નિધાનને યોગ્ય આપણું હૃદય વિશાળ અને સ્વચ્છ બનાવીએ ને તેમાં એ નિધાનને પધરાવીને તેનો લાભ લઈએ–એ આપણું કર્તવ્ય છે,– સમયમાત્રની આળસ વગર એ કામ કરવાનું છે. એ કાર્ય કરીશું ત્યારે જ અમૂલ્ય નિધાનની સાચી કિંમત સમજાશે. ગુરુદેવનો મહાન ઉપકાર છે કે આપણામાં રહેલા નિધાન આપણને બતાવે છે. તેઓ એમ નથી કહતા કે 'હું તને નિધાન આપું,' પણ એમ કહે છે કે 'તારા નિધાન તારામાં જ છે, બીજા પાસે તું માગ મા.' આવી રીતે આત્મસન્મુખદૃષ્ટિ કરાવનારા સંતો આપણને મળ્યા છે; તેમને અનુસરીને આપણે વીતરાગ–જિનમાર્ગમાં પ્રસ્થાન કરવાનું છે.

આજે પૂ. ગુરુદેવ જે વીતરાગ–જિનમાર્ગનો ઉપદેશ આપી રહ્યા છે તેમાંથી મધુરસન્દેશ લઈને આવતું હોવાથી આત્મધર્મ સર્વે જિજ્ઞાસુઓને ખૂબ વહાલું છે, ઉચ્ચ ભાવનાપૂર્વક હજારો વાંચકો તે બહુમાનથી વાંચે છે, મોટા વિદ્વાનો કે નાના બાળકો પણ ઉમંગથી તે વાંચે છે. એ રીતે ગુરુદેવના પ્રતાપે આત્મધર્મ દ્વારા જિનધર્મની મહાન પ્રભાવના થઈ રહી છે. આ અંકની સાથે આત્મધર્મનું ૨૭ મું વર્ષ પૂરું થાય છે; આવતા અંકથી ૨૮મું વર્ષ શરૂ થશે. શરૂઆતનો મંગલ અંક અને તેના દ્વારા દીપાવલીનો તથા બેસતાવર્ષનો સન્દેશ વેલાસર ( દીવાળી પછી તરતમાં ) મેળવવા માટે, આપનું લવાજમ દીવાળી અગાઉ ભરી દેવાની વ્યવસ્થા કરશો.

પૂ. શ્રી કહાનગુરુની મંગલ આશીષ ઝીલીને, તેમની મંગલ છાયામાં ચાલતું આપણું આત્મધર્મ ચાર મુખ્ય ઉદ્દેશ ધરાવે છે, સૌથી પહેલું આત્માર્થીતાનું પોષણ; ( ૨ ) દેવ–ગુરુ–ધર્મની સેવા ( ૩ ) સાધર્મીઓમાં વાત્સલ્યનો વિસ્તાર અને ( ૪ ) બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સીંચન. સંસારના ઝંઝટોને તે કદી સ્પર્શતું નથી; તે તો સદા પોતાના ઉત્તમ ધ્યેય તરફ જ ચાલ્યું જાય છે.

અધ્યાત્મરસિક ઉચ્ચકક્ષાનો વિશાળ વાચકવર્ગ એ આત્મધર્મનું ગૌરવ છે. અને સૌ સાધર્મીઓ પણ આત્મધર્મને પોતાનું જ સમજીને પ્રેમભર્યો સહકાર અને સૂચનાઓ આપી રહ્યા છે, તે બદલ સૌના આભારી છીએ. जयजिनेन्द्र. – બ્ર. હ. જૈન.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૨૮૦૦